# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૭ * માર્ચ, ૨૦૨૫

## ૯૩મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ

ફાગણ વદ-૬, ગુરુવાર,
તા. ૨૦-૩-૨૦૨૫
થી
ફાગણ વદ-૧૦, સોમવાર,
તા. ૨૪-૩-૨૦૨૫




શુદ્ધાત્મવૈભવવિલાસી ધર્મરત્ન ભગવતીમાતા

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (–ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું : અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાંય મને પરદ્રવ્ય છે'. ૮૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ટીકા-૧૮૫)

● જે જ્ઞાન આદિના પણ રૂપમાં ક્ષાયોપશમિક ભાવ છે તે પણ તત્ત્વદૃષ્ટિએ વિશુદ્ધ જીવનું સ્વરૂપ નથી. ૮૪.　　(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ટીકા-૧૮૫)

● અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામો દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે. ૮૫.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૩૭)

● નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્ગલકર્મનું કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો. ૮૬.

(શ્રી રાજમલજી, કળશટીકા, કળશ-૩૯)

● ઉપયોગથી કષાયો અને કષાયથી ઉપયોગ (ઉત્પન્ન) થતાં નથી અને મૂર્તિક-અમૂર્તિકનો પરસ્પર એકબીજાથી ઉત્પાદ સંભવ થતો નથી. ૮૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ-૩, શ્લોક-૨૧)

● જેમ સોનું કુધાતુના સંયોગથી અગ્નિના તાપમાં અનેકરૂપ થાય છે પરંતુ તોપણ તેનું નામ એક સોનું જ રહે છે તથા શરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક પ્રમાણે કિંમત દે-લે છે, તેવી જ રીતે અરૂપી મહા દીપ્તિવાળો જીવ અનાદિકાળથી પુદ્ગલના સમાગમમાં નવ તત્ત્વરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી સર્વ અવસ્થાઓમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મરામ સિવાય બીજું કાંઈ નથી. ૮૯.　　(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૯)

વર્ષ–૧૯
અંક–૭




વિ. સંવત
૨૦૮૧
March
A.D. 2025

## જિનાગમમાંથી વીણેલાં સમ્યક્ત્વ બોધદાયક રત્નો

卐 જેવી રીતે અભેદ સ્વરૂપે અગ્નિમાં ઉષ્ણતા રહે છે તેવી જ રીતે આત્મામાં જ્ઞાન છે. આ પ્રકારની પ્રતીતિનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન છે અને તે જ પ્રકારે જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. આ બન્નેની સાથે ઉક્ત આત્માના સ્વરૂપમાં સ્થિત થવાનું નામ સમ્યક્ચારિત્ર છે.

(શ્રી પદ્મનંદી પંચવિંશતિ)

卐 જે (વસ્તુસ્વરૂપને) ન્યૂનતા રહિત, અધિકતા રહિત, વિપરીતતા વિના-વિપરીતતા રહિત અને સંદેહ રહિત જેમ છે તેમ જાણે છે, તેને ગણધરો યા શ્રુતકેવળીઓ સમ્યગ્જ્ઞાન કહે છે. (રત્નકરંડ શ્રાવકાચાર)

卐 જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી, ઉપર જ રહે છે. આ શુદ્ધસ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. એવા શુદ્ધ સ્વભાવનો, મોહરહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી. (શ્રી સમયસાર)

卐 સમ્યગ્દષ્ટિ જીવનું પોતાના આત્માને જાણવાવાળું સ્વસંવેદન પ્રત્યક્ષરૂપ જ્ઞાન, શુદ્ધ અને સિદ્ધોના જેવું હોય છે. (શ્રી પંચાધ્યાયી)

卐 (આ સમ્યગ્દર્શન જ) મોક્ષરૂપી મહેલનું પહેલું પગથિયું છે. આ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર સાચાપણું પામતા નથી. તેથી હે ભવ્ય જીવો! આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. હે સમજુ દૌલતરામ! સાંભળ. જાણ અને સાવધાન રહે. તારો વખત નકામો-બિનજરૂરી ગુમાવ નહીં. જો સમ્યગ્દર્શન ન થયું તો આ મનુષ્યપર્યાય ફરીને મળવી મુશ્કેલ છે. (છઢાળા)

卐 જેવી રીતે કોઈ પુણ્યવાન જીવના હાથમાં ચિંતામણિરત્ન હોય છે, તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે, તે જીવ લોઢું, તાંબુ, રૂપું એવી ધાતુનો સંગ્રહ કરતો નથી, તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવની પાસે શુદ્ધસ્વરૂપ અનુભવ એવું ચિંતામણિરત્ન છે, તેનાથી સકળ કર્મક્ષય થાય છે, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે, તે સમ્યગ્દષ્ટિ જીવ શુભ, અશુભરૂપ અનેક ક્રિયા, વિકલ્પનો સંગ્રહ કરતો નથી કારણ કે તેનાથી કાર્યસિદ્ધિ થતી નથી. (શ્રી કળશટીકા)

卐 એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણ લોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણ લોકના લાભ કરતા સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ત્રણ લોકનું રાજ્ય પામીને પણ અમુક નિશ્ચિતકાલ પછી ત્યાંથી પતન થશે જ, અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણ લોકના લાભ કરતા સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. (શ્રી ભગવતી આરાધના)

卐 આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? પોતાના ગુણપર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે! શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? પૂર્ણ જ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે ‘‘આ નવતત્ત્વની પરિપાટી છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.’’ (શ્રી સમયસાર)

卐 સમ્યગ્દષ્ટિને કદી પણ એ વ્યાધિના સ્થાનભૂત ઈન્દ્રિયવિષયમાં અત્યંત અનાદરભાવ અસિદ્ધ નથી, કારણ કે તે ઈન્દ્રિય-વિષય પોતે જ બાધાના હેતુ (નિમિત્ત) છે અને તેથી રોગમાં અને ભોગમાં કોઈ તફાવત નથી. (શ્રી પંચાધ્યાયી)

卐 જે પુરુષ સમ્યક્ત્વરૂપી રત્નરાશિથી સહિત છે તે પુરુષ ધન-ધાન્યાદિ વૈભવથી રહિત હોય તોપણ ખરેખર વૈભવસહિત છે અને જે પુરુષ સમ્યક્ત્વથી રહિત છે તે ધનસહિત હોય તોપણ દરિદ્રી છે. (શ્રી ઉપદેશસિદ્ધાંતરત્નમાળા)

卐 સમ્યગ્દર્શનનું જે કિરણ પ્રગટ થાય છે અને મોક્ષના માર્ગમાં ચાલે છે તે ધીરે ધીરે કર્મોનો નાશ કરતું પરમાત્મા બને છે. જેના ચિત્તમાં આવા સમ્યગ્દર્શનના કિરણનો ઉદય થયો છે તેનું જ નામ સાધક છે, જેમ કે જે ઘરમાં દીપક સળગાવવામાં આવે છે તે જ ઘરમાં અજવાળું થાય છે. (શ્રી નાટક સમયસાર)

卐 આ જીવને ત્રણ કાળ ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી તથા મિથ્યાત્વ સમાન અન્ય કોઈ અકલ્યાણ નથી. (શ્રી રત્નકરંડશ્રાવકાચાર)



## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૩મી સમ્યક્ત્વ જયંતી પ્રસંગે તેમના શ્રીમુખેથી વહેલા સમ્યક્ત્વ પ્રેરક વચનો

### * સ્વાનુભૂતિનું અંતરંગ સ્વરૂપ *

સ્વાનુભૂતિનું અંતરંગ સ્વરૂપ વાણીમાં (પૂરું) આવતું નથી. વિકલ્પ છૂટીને અંતરમાં આનંદનું વેદન આવે તે પોતે જ અનુભવી શકે છે. અનંતગુણથી ભરેલો આત્મા છે તેમાં તેનો ઉપયોગ સ્વાનુભૂતિ થતાં લીન થઈ જાય છે અને વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પની આકુળતા છૂટીને ઉપયોગ સ્વરૂપમાં જામી જાય એવી સ્વાનુભૂતિ વચનમાં અમુક પ્રકારે આવે છે, બાકી તો જે વેદે તે જાણી શકે છે. તે દશા થતાં આખી દિશા બદલાઈ જાય છે. જે બહારની–વિભાવની દિશા હતી તે પલટાઈને સ્વભાવની દિશામાં, વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ એવી–કોઈ જુદી દુનિયામાં–ચાલ્યો જાય છે. આ વિભાવની દુનિયામાં નહિ, પણ અલૌકિક દુનિયામાં તે ચાલ્યો જાય છે અને સ્વભાવમાં તલ્લીન–એકદમ લીન થઈ જાય છે. સ્વાનુભૂતિમાં જેવો સ્વભાવ છે તેવી જાતની પરિણતિ થઈ જાય છે. તે અનુભૂતિ વેદનમાં આવે છે તેથી જાણી શકાય છે, વેદી શકાય છે પણ કહી શકાય નહિ. આનંદથી–જ્ઞાનથી ભરેલો ચૈતન્ય ચમત્કારી દેવ પોતે બિરાજે છે તેની સ્વાનુભૂતિ થાય છે. જેવો સિદ્ધભગવાનને આનંદ છે તેનો અંશ સ્વાનુભૂતિમાં આવે છે. તે વખતે અનુપમ ગુણનો ભંડાર, અનુપમ આનંદથી ભરેલો આત્મા અનુપમ આનંદનું વેદન કરે છે. વિભાવદશામાં આનંદ નથી કેમકે તેમાં જ્ઞાન આકુળતાવાળું છે. જ્યારે સ્વાનુભૂતિમાં નિરાકુળ સ્વરૂપ આત્મા અનુપમ આનંદથી ભરેલા એવા પોતાના આત્માનું વેદન કરે છે.

### * સમ્યગ્દર્શન કેમ પ્રગટે ? *

સમ્યગ્દર્શનનો વિષય શાશ્વત આત્મા, ટકતો ભાવ ગ્રહણ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે. પર્યાયો તો બધી પલટાયા કરે છે. અંદર આત્માને ઓળખવો. શાશ્વત આત્માને ઓળખી; ભેદજ્ઞાનની ધારા એમ ને એમ ટકાવી; ‘‘હું આ ચૈતન્ય છું, વિભાવ મારાથી જુદા છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, ક્ષયોપશમભાવ પણ અધૂરી પર્યાય છે,’’ એમ નિર્ણય કરી એક પૂર્ણ શાશ્વત આત્મા–કે જે કાયમ ટકનારો છે–તેને ગ્રહણ કરવો. જ્ઞાન બધાનું થાય કે આ સ્વભાવ છે, આ વિભાવ છે પણ દૃષ્ટિ તો એક આત્મા ઉપર કરવી. ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે અંતરમાં પ્રગટ થાય અને જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય છે. સ્વાનુભૂતિ તે જ મુક્તિનો માર્ગ છે. અંતરમાં આત્માનો કોઈ અનુપમ

સ્વભાવ છે. તેનું વેદન આવે અને સ્વાનુભૂતિ વધતી જાય, લીનતા વધતી જાય, તો ભૂમિકા પણ વધતી જાય છે. ખરું કરવાનું તો તે છે; પણ તે પહેલાં તત્ત્વવિચાર, શાસ્ત્ર-અભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા વગેરે આવે છે અને તે એક આત્માને ઓળખવા માટે છે. આત્મા કેમ ગ્રહણ થાય? એમ વારંવાર વારંવાર ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી જોઈએ. પહેલાં તે ભેદજ્ઞાન ભાવનારૂપ હોય, પછી તેની સહજ ધારા પ્રગટ થાય તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પદશા પ્રગટ થવાનો પ્રસંગ આવે છે. જે ટકતો શાશ્વતો ભાવ છે તે જ હું છું. આમ અંતરમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી તે જ મુક્તિનો માર્ગ છે.

### * જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે *

જ્ઞાનીની દૃષ્ટિ બદલાઈ ગઈ છે એટલે તેના બધા ભાવો જ્ઞાનમય છે. જ્યારે અજ્ઞાનીની દૃષ્ટિ આખી ઊંધી છે તેથી તેના જેટલા ભાવો થાય છે તે બધા અજ્ઞાનમય છે. અજ્ઞાનીના શુભભાવમાં પણ અંદરમાં ભ્રાન્તિ ભેગી હોય છે. (આ પણ વિભાવ છે એમ) સમજતો નથી એટલે એકત્વબુદ્ધિ કરતો જાય છે. (અને તે કારણે) જે નથી સમજતો તેના બધા ભાવો અજ્ઞાનમય છે. જ્યારે યથાર્થપણે દૃષ્ટિ બદલાઈ જાય–ભેદજ્ઞાન થાય–ત્યારે જ જ્ઞાનમય ભાવો કહેવાય છે. ત્યાં સુધી જિજ્ઞાસાની ભૂમિકામાં પણ જ્ઞાનમય ભાવ કહી શકાતા નથી. કારણ કે એકત્વબુદ્ધિ છે. જિજ્ઞાસુને રસ મંદ પડ્યો છે, પણ બધા જ્ઞાનમય ભાવ ક્યારે થાય? કે જ્યારે ભેદજ્ઞાનની જ્ઞાતાપણાની ધારા થાય ત્યારે બધા ભાવો જ્ઞાનમય થાય. ત્યાં સુધી બધા ભાવો, એકત્વબુદ્ધિરૂપ છે માટે, અજ્ઞાનમય કહેવામાં આવે છે. જિજ્ઞાસુ છૂટવાની ભાવના કરે છે, પણ હજી એકત્વ પરિણતિ થઈ રહી છે,–એકત્વબુદ્ધિ છે અને દિશા પલટાણી નથી. જો દૃષ્ટિનો એક ઘડો સવળો થાય તો બધા (ભાવના) ઘડા સવળા થાય. એક દૃષ્ટિનો ઘડો ઊંધો થતાં બધા ઘડા ઊંધા થાય છે.

### * સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અંદરમાં શું થાય? *

ચૈતન્ય જે જુદો હતો તે જુદા સ્વરૂપે પરિણમી ગયો, દુનિયાથી જુદો પડી ગયો. તેની આખી પરિણતિ જ દુનિયાથી અલગ થઈ ગઈ. વિભાવની દશાને અને સ્વભાવની દશાને પ્રકાશ અને અંધકાર જેટલો તફાવત થઈ ગયો. જે માર્ગ સૂઝતો ન હતો તે માર્ગ મળી ગયો. માર્ગ મળ્યો, પણ કરવાનું હજી બાકી છે. અંદરમાં હજી પોતારૂપે—પૂર્ણપણે પોતે સહજ પરિણમી જાય તે હજી કરવાનું બાકી છે.

### * સમ્યગ્દૃષ્ટિને કોઈ સ્પૃહા જ નથી *

જેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તેને એકત્વબુદ્ધિ તૂટી જાય છે તેથી તેને જગતની કોઈ સ્પૃહા નથી, બહારની કોઈ અપેક્ષા નથી. રાગના કોઈ વિકલ્પમાં તેને રસ નથી, જગતના

કોઈ પુણ્ય તત્ત્વ પ્રત્યે તેને રસ નથી, સ્પૃહા માત્ર છૂટી ગઈ છે. જ્ઞાનીને એકત્વબુદ્ધિપૂર્વક કોઈ જાતની સ્પૃહા નથી. જોકે પુરુષાર્થની મંદતાથી આચરણમાં અલ્પ સ્પૃહા રહે છે તે જુદી વાત છે; પણ શ્રદ્ધામાં તો તેણે પહેલાંથી નવ નવ કોટિએ બધાંનો ત્યાગ કર્યો છે. નવ નવ કોટિએ વિભાવ મારે જોઈતા નથી. ઊંચામાં ઊંચા શુભભાવના વિકલ્પને પણ મન-વચન-કાયાથી છોડું છું. મારે તે નથી જોતા, નથી જોતા—એ રીતે શ્રદ્ધામાંથી પહેલાં વિકલ્પો છૂટી જાય છે. પછી આચરણમાંથી પણ છૂટી જાય છે. જ્ઞાની અસ્થિરતાને લીધે બહારનાં કોઈ આચરણોમાં ઊભા હોય, પરંતુ તે સર્વ આચરણો તિલાંજલીરૂપ છે. મને તેના પ્રત્યેની કોઈ સ્પૃહા નથી, કોઈ વિકલ્પનો અંશ માત્ર મારો નથી. સ્વરૂપના ગુણ-પર્યાયના વિચારોમાં રોકાવું તે પણ પોષાતું નથી.

### * જ્ઞાની ચોવીસે કલાક શું કરે છે? *

જ્ઞાનીને ચોવીસે કલાક જ્ઞાયકનો આશ્રય છે અને જ્ઞાયકની પરિણતિ છે. તેનો ઉપયોગ જે પ્રમાણે તેની દશા હોય તે પ્રમાણે બહારમાં જાય છે. ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દષ્ટિ હોય તો ગૃહસ્થાશ્રમનાં કાર્યોમાં તેનો ઉપયોગ જાય, પણ તેની પરિણતિ નિરંતર ચૈતન્યના આશ્રયમાં જ છે. તેણે ચૈતન્યનો જ આશ્રય લીધો છે, બહારનો આશ્રય છૂટી ગયો છે. ભલે બહારનું બધું ચાલતું હોય, પણ આશ્રય માટે ચૈતન્યઘર મળી ગયું છે. જેમ પોતાના ઘરમાં ઊભેલો માણસ પોતાના ઘરને છોડતો નથી, પોતાના ઘરમાં જ ચોવીસે કલાક ઊભો રહે છે, ઘરની બહાર બધા માણસો આવે તેની સાથે બોલે, ચાલે—બધો વ્યવહાર કરે, પણ પોતાનું ઘર છોડીને ક્યાંય જતો નથી, ઘરમાં જ ઊભેલો છે. તેમ જ્ઞાનીને ચૈતન્યનો આશ્રય ચોવીસે કલાક છૂટતો નથી. ઉપયોગ બહાર જાય છે, બધો વ્યવહાર દેખાય છે, દેવ–શાસ્ત્ર–ગુરુની પૂજા–ભક્તિ વગેરે બધાં કાર્યોમાં દેખાય છે, પણ આશ્રય તો ચૈતન્યનો છે.

### * પહેલાં દ્રવ્યદૃષ્ટિ હોય કે પહેલાં વ્યવહાર હોય? *

જ્યાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય ને યથાર્થ હોય ત્યાં યથાર્થ વ્યવહાર આવી જાય છે. દ્રવ્યદૃષ્ટિની સાથે યથાર્થ વ્યવહાર રહેલો છે. જો તે છૂટી જાય તો દૃષ્ટિ જ સમ્યક્ નથી. સમ્યગ્દૃષ્ટિ–યથાર્થદૃષ્ટિ હોય તેની સાથે યથાર્થ જ્ઞાન અને યથાર્થ સ્વરૂપરમણતા હોય છે. જ્ઞાયક ઉપર દૃષ્ટિ ગઈ એટલે પૂર્ણ મુક્તિ અને પૂર્ણ વેદન થઈ જતું નથી, પણ હજી અધૂરાશ છે અને ત્યાં સુધી વ્યવહાર હોય છે. મુમુક્ષુની દશામાં (પ્રથમ) તે નક્કી કરે કે 'હું સ્વભાવે નિર્મળ છું.' સાથે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે હું જુદો છું. આમ એકત્વબુદ્ધિથી છૂટવાનો પ્રયત્ન કરે. પ્રયત્ન અને દૃષ્ટિ સાથે હોય છે, અને ભાવનામાં પણ એમ હોવું જોઈએ. પ્રથમ જેવો સ્વભાવ છે તેવો જ ગ્રહણ કરે, પછી પર્યાયમાં અધૂરાશ ને અશુદ્ધતા છે તે બધાંને ટાળીને શુદ્ધતાનો પ્રયાસ કરે છે.

## ✻ આત્માકી મહિમા કૈસે આવે? ✻

મહિમા અર્થાત્ આત્માકી અદ્‌ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્‌ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ. ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા 'મૈં અદ્‌ભુત હૂં'. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન! ઠીક વૈસે હી ચૈતન્ય ભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે ઉપયોગ બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો 'મૈં જ્ઞાનસ્વરૂપ હૂં'—ઐસા છૂટ જાતા હૈ. ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા!! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં.

## ✻ સમ્યગ્દર્શન થયું તે જ સાચો જૈન ✻

સમ્યગ્દર્શન થાય પછી જ સાચો જૈન કહેવાય. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી ભાવના કરે, વિચારો કરે કે 'હું જ્ઞાયક છું,' આ રાગ મારું સ્વરૂપ નથી, શરીર 'હું' નથી, 'વિભાવ મારો સ્વભાવ નથી' એમ એનાથી ભેદજ્ઞાન કરે. જ્ઞાન— દર્શન—ચારિત્રના વિકલ્પ વચમાં આવે પણ એ બધો રાગ છે. એ રાગથી પણ જુદો 'હું ચૈતન્ય અખંડ દ્રવ્ય છું' એમ પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ જુદું વિચારે. એ જ્ઞાયકની અંદર અનંતા ગુણ છે, તેની પર્યાયો પરિણમે છે. તેના વિચારો કરી જ્ઞાયકનો નિર્ણય કરે. જ્યાં સુધી સમ્યગ્દર્શન પ્રગટ ન થાય ત્યાં સુધી તેનો વિચાર— વાંચન—લગની—મહિમા કર્યા કરે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે.

## ✻ સમકિતીને કેવા આસ્રવ હોય—તીવ્ર કે મંદ? ✻

તીવ્ર-મંદ હોય, પણ તે કોઈ એવા હોતા નથી કે તેનું સમ્યગ્દર્શન છૂટી જાય. એવા આસ્રવો તેની પાસે હોતા નથી. તેની ભૂમિકા અંદરમાં જુદી જાતની હોય છે. કોઈ રાગને તે ઈચ્છતો નથી, રાગને ઝેરરૂપે માને છે. તેનો રાગ મર્યાદિત હોય છે. જ્ઞાયક જ જોઈએ છે, કોઈ રીતે વિભાવ જોતો જ નથી; વિભાવ હેય બુદ્ધિએ છે, ઊંચામાં ઊંચો શુભ ભાવ પણ પોતાનું સ્વરૂપ નથી. એમ જેની પરિણતિ છે ત્યાં અશુભનો ઉદય ક્યાં અસર કરતો હતો! તેની ભેદજ્ઞાનની ધારા તૂટે—જ્ઞાયકની પરિણતિ તૂટી જાય—એવી જાતના કોઈ ઉદયો તેની પાસે હોતા નથી. તેની પુરુષાર્થની ધારા ચાલ્યા જ કરે છે. અમુક જાતની ભૂમિકા હોય તો

જ સમ્યગ્દર્શન થાય ને ટકે છે, નહીંતર સમ્યગ્દર્શન ટકી શકતું નથી. તે જાતની અંદર પાત્રતા હોય, અંદર વિભાવનો રસ છૂટી જાય, જ્ઞાયકનો રસ અંદરથી પ્રગટ થાય, જ્ઞાયકની એવી મહિમા લાગે તો જ તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ થયું તેની જ્ઞાતાધારાને ઉદય શું કરી શકે?

*** આત્માનો સાક્ષાત્કારમાં ટાઈમ લાગે તો શું કરવું? ***

જ્યાં સુધી રાગ-દ્વેષ-મોહમાં રોકાણો છે ત્યાં સુધી ટાઈમ લાગે. માટે જ ગુરુ અને આચાર્યો કહે છે કે તું પુરુષાર્થ કરીને તારી તરફ જા. તું ભેદજ્ઞાન કર. આ રાગ તે તારું સ્વરૂપ નથી, દ્વેષ તે તારું સ્વરૂપ નથી, તું તેનાથી જુદો છે. તું જાણનારો છો, રાગાદિનો જ્ઞાતા થઈ જા, સાક્ષી થઈ જા, તે તારું સ્વરૂપ નથી. તું પુરુષાર્થ કર એટલે જે વિકલ્પો છે તે શાંત થઈ જશે. ભેદજ્ઞાન કરીને આગળ જા. પહેલાં રાગ-દ્વેષ છૂટી નથી શકતા. તેનાથી ભેદજ્ઞાન થાય ને સ્વભાવ ઓળખે કે આ મારો સ્વભાવ છે. આ બધા કષાયો મારાથી જુદા છે, 'હું તેનાથી જુદો છું' એમ ભેદજ્ઞાન કરે. પછી ધીરે ધીરે પુરુષાર્થ કરીને તેમાં લીનતા કરતો કરતો સ્વાનુભૂતિની ઉગ્રતા કરે છે.

*** જ્ઞાનીકી અંતરંગ દશા ***

જ્ઞાનીકી અંતરંગ દશા અલગ પ્રકારકી હૈ. ભેદજ્ઞાનકી સહજ ધારા નિરંતર રહતી હૈ. જ્ઞાયકકી ધારા હોનેસે જો જો વિકલ્પ ઉઠતે હૈં વહ સબસે જ્ઞાની ભિન્ન રહતે હૈં ઔર જ્ઞાની વિકલ્પરૂપ જ્ઞાયક નહિ, પરિણતિરૂપ જ્ઞાયક રહતા હૈ. જૈસે અજ્ઞાનીકો અનાદિસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ, વૈસે જ્ઞાનીકો ભેદજ્ઞાનકી પરિણતિ સહજ ચલતી હૈ, સહજ પુરુષાર્થ હૈ. બાહરમેં સબ દિખનેમેં આતા હૈ કિન્તુ ઉસકા અંતર ગ્રહણ કરે તો ઉસકી દશા પકડનેમેં આતી હૈ. સમ્યગ્દષ્ટિ જ્ઞાની બાહરસે તો ગૃહસ્થાશ્રમમેં રહતા હૈ લેકિન ઉસકા અંતરંગ પરિચય હોવે તો ખ્યાલમેં આવે કિ ઉસકા હૃદય ભીતરમેં ક્યા હૈ? જો જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હોવે ઉસકો પિછાનના મુશ્કિલ હોતા હૈ.

*** અતીન્દ્રિય આનંદમાં શું સંવેદન થતું હશે? ***

તે કાંઈ વાણીમાં આવે એવું થોડું છે? આત્મા તો અદ્ભુત છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાય કોઈ જુદા છે. અનંતકાળથી આકુળતા હતી તે આકુળતા છૂટીને આત્માનો સ્વભાવ નિરાકુળ છે તે નિર્વિકલ્પદશામાં પ્રગટ થાય છે. આત્મા સ્વયં આનંદ સ્વભાવે જ છે. એટલે કે આત્મામાં આનંદ આદિ અનંતગુણો છે અને તેમાં આત્મા પરિણમન કરતો હોય છે. અર્થાત્ આત્મામાં અનેક જાતની ક્રિયાઓ ઉત્પન્ન થાય છે—તરંગો ઉઠતા હોય છે, અને તેમાં તે રમણતા કરતો હોય છે. આવો આત્માનો સ્વભાવ છે. આત્મામાં આનંદ આદિ અનંતગુણ

છે અને તેની પર્યાયોના—પરિણમનના તરંગ ઊઠતા હોય છે એવો અર્થ છે. બાકી વાણીમાં તેને માટે કોઈ ઉપમા છે નહિ, સિદ્ધભગવાનને પૂર્ણ આનંદ છે અને આ સ્વાનુભૂતિમાં તેનો અંશ છે, પણ તે જ જાત છે. આત્મા પોતે અસ્તિત્વરૂપ છે, અવસ્તુ નથી. તથા તે અસ્તિત્વ જાગૃત સ્વરૂપ છે. એટલે જ્યાં આકુળતાથી છૂટ્યો ત્યાં આત્મામાં જે સ્વભાવ છે તે પ્રગટ થાય છે. અને તેથી 'આનંદ તરંગમાં રમી રહ્યો હતો' એમ કહ્યું છે. તે વાક્યની અંદર ઊંડાણ છે.

## * સ્વાનુભૂતિની દશા *

સ્વાનુભૂતિમાં આનંદ-તરંગો ઊછળે છે. આત્માનો સ્વભાવ અદ્‌ભુત, અપૂર્વ ને આશ્ચર્યકારી છે. આત્મામાં આનંદગુણ છે તો સ્વાનુભૂતિ થતાં આત્મા આનંદ-તરંગોમાં ડોલે છે. અનંતગુણ અને પર્યાયોથી ભરપૂર આત્માનું જેવું સ્વરૂપ છે તેવું સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થાય છે. સ્વાનુભૂતિમાં જે આનંદતરંગોમાં આત્મા ડોલે છે એ આનંદ જગતથી જુદો અને ન્યારો છે તથા વચનમાં આવે તેવો નથી. જોકે કહેવાય એમ કે આત્મા આનંદતરંગોમાં ડોલે છે, બાકી અનંતગુણની વિભૂતિ તેને પ્રગટ થાય છે, તેમાં તે ડોલે છે. મુખ્યપણે (વેદનમાં) આનંદગુણ છે એટલે આનંદતરંગોમાં ડોલે છે એમ કહેવાય છે. દ્રવ્ય (સર્વથા) કૂટસ્થ છે અને કાંઈ કાર્ય કરતું નથી એમ નથી. તે પરિણમે છે, પર્યાયોના તરંગો ઊછળે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં તેને પર્યાય ઉપર દૃષ્ટિ નથી, પણ તેથી તેને સ્વાનુભૂતિની પર્યાય પ્રગટ થતી નથી એવું નથી. પર્યાયોમાં આનંદના તરંગો ઊછળે છે અને તે વચનાતીત છે, વચનમાં આવે એમ નથી. દ્રવ્ય—ગુણ—પર્યાયથી શોભિત આત્મા અપૂર્વ છે, અદ્‌ભુત છે ને આશ્ચર્યકારી છે. અનુભૂતિ થતાં તે આનંદતરંગમાં ડોલે છે—આવું એ જગતથી જુદું તત્ત્વ છે.

## * સ્વાનુભૂતિ પ્રગટ કરવા માટે શું કરવું? *

સ્વાનુભૂતિ, નિર્વિકલ્પદશા પ્રગટે ત્યારે થાય છે. તે પહેલાં 'હું જ્ઞાયક છું,...જ્ઞાયક છું'—એમ વારંવાર જ્ઞાનમાં રટણ કર્યા કરવું. આ વિકલ્પ આવે તે મારું સ્વરૂપ નથી. વિકલ્પથી પણ હું જુદો છું; જે મંદ કે તીવ્ર વિભાવો આવે તે બધાથી જુદો 'હું ચૈતન્ય છું,' એમ વારંવાર તેની મહિમા—લગની, તેનું અંતરમાં રટણ રહેવું જોઈએ. 'હું જ્ઞાયક છું; હું વિકલ્પ વગરનો—નિર્વિકલ્પ તત્ત્વ છું,' વિકલ્પ છૂટી જાય તો 'હું' કાંઈ શૂન્ય નથી થઈ જતો, પણ અંતરમાં જે ભરેલું છે તે પ્રગટ થાય છે. મારામાં એટલે જ્ઞાયક માત્ર આત્મામાં બધું પૂરેપુરું છે. તેમ વારંવાર તેની ભાવના—રટણ—વિચાર—વાંચન કરવા જેવું છે. જ્ઞાયકના આંગણે ટહેલ મારવા જેવી છે.

# સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે?

## (૧) સમ્યગ્દર્શન શું અને તેને કોનું અવલંબન

સમ્યગ્દર્શન પોતે આત્માના શ્રદ્ધાગુણની નિર્વિકારી પર્યાય છે. અખંડ આત્માના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ તે નિર્વિકલ્પ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ સુખનું કારણ છે. 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, બંધરહિત છું' આવો વિકલ્પ કરવો તે પણ શુભરાગ છે, તે શુભરાગનું અવલંબન પણ સમ્યગ્દર્શનને નથી; તે શુભવિકલ્પને અતિક્રમતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પોતે રાગ અને વિકલ્પરહિત નિર્મળભાવ છે, તેને કોઈ વિકારનું અવલંબન નથી, પણ આખા આત્માનું અવલંબન છે,–આખા આત્માને તે સ્વીકારે છે.

એકવાર વિકલ્પ રહિત થઈને અખંડ જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લીધો ત્યાં સમ્યક્‌ભાન થયું. અખંડ સ્વભાવનું લક્ષ એ જ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી છે. અખંડ સત્યસ્વરૂપને જાણ્યા વિના–શ્રદ્ધા કર્યા વિના 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, અબદ્ધસ્પૃષ્ટ છું' એ વગેરે વિકલ્પો પણ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી નથી. એકવાર અખંડ જ્ઞાયક સ્વભાવનું લક્ષ કર્યું પછી જે વૃત્તિ ઊઠે તે વૃત્તિઓ અસ્થિરતાનું કાર્ય કરે, પરંતુ તે સ્વરૂપની પ્રતીતને રોકવા સમર્થ નથી, કેમ કે શ્રદ્ધામાં તો વૃત્તિ-વિકલ્પ રહિત સ્વરૂપ છે તેથી વૃત્તિ ઊઠે તે શ્રદ્ધાને ફેરવી શકે નહિ. જો વિકલ્પમાં જ અટકી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. વિકલ્પરહિત થઈને અભેદનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે અને તે જ સમયસાર છે–એમ ગાથામાં કહે છે :–

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।
पक्खातिक्कंतो पुण भण्णदि जो सो समयसारो॥१४२॥

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

'આત્મા કર્મથી બંધાયેલો છે કે આત્મા કર્મથી બંધાયેલો નથી' એવા બે પ્રકારના ભેદના વિચારમાં રોકાવું તે તો નયનો પક્ષ છે; 'હું આત્મા છું, પરથી જુદો છું' એવો વિકલ્પ તે પણ રાગ છે, એ રાગની વૃત્તિને–નયના પક્ષને ઓળંગે તો સમ્યગ્દર્શન પ્રગટે. ''હું બંધાયેલો છું અથવા હું બંધરહિત મુક્ત છું'' એવી વિચારશ્રેણીને ઓળંગી જઈને જે આત્માનો અનુભવ કરે છે તે જ સમ્યગ્દૃષ્ટિ છે અને તે જ સમયસાર અર્થાત્ શુદ્ધાત્મા છે.

'હું અબંધ છું, બંધ મારું સ્વરૂપ નથી' એવા ભંગની વિચારશ્રેણીના કાર્યમાં અટકે તો અજ્ઞાની છે, અને તે ભંગના વિચારને ઓળંગીને અભંગ ચૈતન્યસ્વરૂપને સ્પર્શી લેવું (અનુભવી

લેવું) તે જ પહેલો આત્મધર્મ એટલે કે સમ્યગ્દર્શન છે. 'હું પરાશ્રય રહિત, અબંધ, શુદ્ધ છું' એવા નિશ્ચયનયના પડખાંનો વિકલ્પ તે રાગ છે, અને તે રાગમાં રોકાય (રાગને જ સમ્યગ્દર્શન માની લ્યે પણ રાગ રહિત સ્વરૂપને ન અનુભવે) તો તે મિથ્યાદૃષ્ટિ છે.

## (૨) ભેદના વિકલ્પ આવે ખરા છતાં તેનાથી સમ્યગ્દર્શન નથી.

અનાદિથી આત્મસ્વરૂપનો અનુભવ નથી, પરિચય નથી, તેથી આત્માનો અનુભવ કરવા જતાં પહેલાં તે સંબંધી વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. અનાદિથી આત્માના સ્વરૂપનો અનુભવ નથી તેથી વૃત્તિઓનું ઉત્થાન થાય કે–હું આત્મા કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું, આમ બે નયોના બે વિકલ્પ ઊઠે છે; પરંતુ–'કર્મના સંબંધવાળો કે કર્મના સંબંધ વગરનો એટલે કે બદ્ધ છું કે અબદ્ધ છું' એવા બે પ્રકારના ભેદનો પણ એક સ્વરૂપમાં ક્યાં અવકાશ છે? સ્વરૂપનો અનુભવ નયપક્ષથી પાર છે. હું શુભાશુભભાવરહિત છું એવા વિચારમાં અટકવું તે પણ પક્ષ છે, તેનાથી પણ પેલે પાર સ્વરૂપ છે, સ્વરૂપ તો પક્ષાતિક્રાંત છે, એ જ સમ્યગ્દર્શનનો વિષય છે એટલે કે તેના જ લક્ષે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે સિવાય બીજો કોઈ સમ્યગ્દર્શનનો ઉપાય નથી.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું? દેહની કોઈ ક્રિયાથી તો સમ્યગ્દર્શન નથી, જડ કર્મોથી નથી, અશુભ રાગ કે શુભરાગ થાય તેને લક્ષે પણ સમ્યગ્દર્શન નથી અને 'હું પુણ્ય-પાપના પરિણામોથી રહિત જ્ઞાયકસ્વરૂપ છું' એવો જે વિચાર તે પણ સ્વરૂપનો અનુભવ કરાવવા સમર્થ નથી. 'હું જ્ઞાયક છું' એવા વિચારમાં જે અટક્યો તે ભેદના વિચારમાં અટક્યો છે, તેને પણ સમ્યગ્દર્શન થતું નથી. સ્વરૂપ તો જ્ઞાતાદ્રષ્ટા છે, તેનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે. ભેદના વિચાર તે સમ્યગ્દર્શન નથી.

જે વસ્તુ છે તે પોતાથી પરિપૂર્ણ સ્વભાવે ભરેલ છે. આત્માનો સ્વભાવ પરની અપેક્ષા વિનાનો એકરૂપ છે. 'કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું' એવા વિકલ્પથી તે સ્વભાવનું વેદન થતું નથી; જોકે આત્મસ્વભાવ તો અબંધ જ છે, પરંતુ 'હું અબંધ છું' એવા વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ જ્ઞાતાદ્રષ્ટા નિરપેક્ષસ્વભાવમાં પરિણતિ વળતાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

પ્રભુ! તારી પ્રભુતાનો મહિમા અંદર પરિપૂર્ણ છે, પણ અનાદિથી તેની સમ્યક્ત્વ પ્રતીતિ વગર તેનો અનુભવ નથી. અનાદિથી પરલક્ષ કર્યું છે માટે સ્વભાવનું લક્ષ કર્યું નથી. શરીરાદિમાં તો તારું સુખ નથી, માટે તે ભેદના વિચારમાં અટકવું તે પણ અજ્ઞાનીનું કાર્ય છે. અને તે નયપક્ષના ભેદનું લક્ષ મૂકી દઈને અભેદ જ્ઞાતાસ્વભાવનું લક્ષ કરવું તે જ સમ્યગ્દર્શન છે અને તેમાં જ સુખ છે. અભેદ સ્વભાવનું લક્ષ કહો કે જ્ઞાતાસ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો—તે આ જ છે.

## (૩) વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ

અખંડાનંદ અભેદ આત્માનું લક્ષ વિકલ્પરૂપ નય દ્વારા થતું નથી. કોઈ મહેલમાં જવા માટે મોટર ગમે તેવી દોડાવે, પણ તે બંગલાના બારણા સુધી આવી શકે, મોટર સહિત બંગલામાં પેસી શકાય નહિ. ગમે ત્યાં સુધી આગળ લઈ જાય પણ છેવટે તો મોટરમાંથી ઉતરીને જાતે અંદર જવું પડે. તેવી રીતે નય-પક્ષના વિકલ્પોરૂપી મોટર ગમે તેટલી દોડાવે, 'હું જ્ઞાયક છું, અભેદ છું, શુદ્ધ છું' એવો વિકલ્પ કરે તોપણ તે વિકલ્પ સ્વરૂપના આંગણા સુધી લઈ જવાય, પરંતુ સ્વરૂપનો અનુભવ કરવા ટાણે તો તે બધા વિકલ્પ છોડી જ દેવા પડે, વિકલ્પ રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ; નયપક્ષોનું જ્ઞાન તે સ્વરૂપના આંગણે આવવા માટે જરૂરનું છે. ''હું સ્વાધીન જ્ઞાનસ્વરૂપી આત્મા છું, કર્મો જડ છે, જડ કર્મો મારા સ્વરૂપને રોકી શકે નહિ, હું વિકાર કરું તો કર્મોને નિમિત્ત કહેવાય, પણ કર્મો મને વિકાર કરાવે નહિ, કેમ કે બંને દ્રવ્યો જુદાં છે, તે કોઈ એક બીજાનું કરી શકે નહિ. હું જડનું કાંઈ ન કરું, જડ મારું કાંઈ ન કરે. રાગ-દ્વેષ થાય તે કર્મ કરાવતું નથી તેમ જ પરવસ્તુમાં થતાં નથી પણ મારી અવસ્થામાં થાય છે, તે રાગ-દ્વેષ મારો સ્વભાવ નથી, નિશ્ચયથી મારો સ્વભાવ રાગ રહિત જ્ઞાનસ્વરૂપ છે.'' આ પ્રમાણે બધાં પડખાંનું જ્ઞાન પહેલાં કરવું જોઈએ, પરંતુ આટલું કરે ત્યાં સુધી પણ ભેદનું લક્ષ છે, ભેદના લક્ષથી અભેદ આત્મસ્વરૂપનો અનુભવ થતો નથી, છતાં પહેલાં તે ભેદ જાણવા જોઈએ. એટલું જાણે ત્યારે તે સ્વરૂપના આંગણા સુધી આવ્યો છે. પછી જ્યારે અભેદનું લક્ષ કરે ત્યારે ભેદનું લક્ષ છૂટી જાય અને સ્વરૂપનું અનુભવન થાય એટલે કે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે આ રીતે જોકે સ્વરૂપમાં ઢળતાં પહેલાં નય-પક્ષના વિચારો હોય છે ખરા, પરંતુ તે નય-પક્ષના કોઈપણ વિચારો સ્વરૂપના અનુભવમાં મદદગાર થતા નથી. *(મોક્ષમાર્ગપ્રકાશક)*

## (૪) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ કોની સાથે છે?

સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે, તેને એકલા નિજસ્વભાવ સાથે જ સંબંધ છે; અખંડ દ્રવ્ય ભંગ-ભેદ રહિત છે તે જ સમ્યગ્દર્શનને માન્ય છે; સમ્યગ્દર્શન પર્યાયના ભેદને સ્વીકારતું નથી; પણ સમ્યગ્દર્શનની સાથે રહેતું જે સમ્યગ્જ્ઞાન છે તે નિશ્ચય-અખંડ સ્વભાવને તથા વ્યવહારમાં પર્યાયના જે ભંગ-ભેદ પડે છે, તે બધાને જાણી લે છે. સમ્યગ્દર્શન એક નિર્મળ પર્યાય છે. પણ 'હું એક નિર્મળ પર્યાય છું' એમ સમ્યગ્દર્શન ભેદ પાડતું નથી. સમ્યગ્દર્શનનો અખંડ વિષય એક જ દ્રવ્ય છે.

**પ્રશ્ન** :–સમ્યગ્દર્શનનો વિષય અખંડ છે અને તે પર્યાયને સ્વીકારતું નથી તો પછી સમ્યગ્દર્શન વખતે પર્યાય ક્યાં ગઈ? સમ્યગ્દર્શન પોતે જ પર્યાય છે, શું પર્યાય દ્રવ્યથી જુદી પડી ગઈ?

**ઉત્તર** :–સમ્યગ્દર્શનનો વિષય તો અખંડ દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ વસ્તુ તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. અભેદ વસ્તુનું લક્ષ કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટી તે સામાન્ય વસ્તુ સાથે અભેદ થઈ જાય છે. સમ્યગ્દર્શનરૂપ જે પર્યાય છે તે પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શન સાથેનું સમ્યગ્જ્ઞાન પર્યાયને તથા નિમિત્તને પણ જાણે છે, સમ્યગ્દર્શનને પણ જાણનારું તો સમ્યગ્જ્ઞાન જ છે.

## (૫) શ્રદ્ધા અને જ્ઞાન ક્યારે સમ્યક્ થયાં ?

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશિમ કે ક્ષાયિકભાવ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી કેમ કે તે બધી પર્યાય છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે. એકલી નિરપેક્ષ વસ્તુનું જ્યારે લક્ષ કર્યું ત્યારે શ્રદ્ધા સમ્યક્ થઈ, પરંતુ જ્ઞાન સમ્યક્ ક્યારે થયું? જ્ઞાનનો સ્વભાવ સામાન્ય-વિશેષ સર્વને જાણવાનો છે. જ્યારે જ્ઞાને આખા દ્રવ્યને, ઊઘડેલી પર્યાયને અને વિકારને જેમ છે તેમ જાણીને, 'પરિપૂર્ણ સ્વભાવ તે હું, વિકાર રહ્યો તે હું નહિ' એમ ભેદ પાડીને વિવેક કર્યો ત્યારે તે સમ્યક્ થયું. (૧) સમ્યગ્દર્શનરૂપ ઊઘડેલી પર્યાયને, (૨) સમ્યગ્દર્શનના વિષયભૂત પરિપૂર્ણ વસ્તુને, (૩) અને અવસ્થાની ઊણપને–એ ત્રણેને જેમ છે તેમ સમ્યગ્જ્ઞાન જાણે છે. સમ્યક્દર્શન તો એક અભેદ સ્વરૂપને જ સ્વીકારે છે અને સમ્યગ્દર્શનનું અવિનાભાવી (સાથે જ રહેતું) સમ્યગ્જ્ઞાન નિશ્ચય-વ્યવહાર બંનેને બરાબર જાણીને વિવેક કરે છે. નિશ્ચય-વ્યવહાર બંનેને ન જાણે તો જ્ઞાન પ્રમાણ (સમ્યક્) થતું નથી. વ્યવહારના આશ્રયથી લાભ માને તો શ્રદ્ધા-જ્ઞાન બંને ખોટાં છે. જ્ઞાન નિશ્ચય-વ્યવહારનો વિવેક કરે છે, તેથી તે સમ્યક્ છે.

## (૬) સમ્યગ્દર્શનનો વિષય શું? મોક્ષનું પરમાર્થ કારણ કોણ ?

સમ્યગ્દર્શનના વિષયમાં મોક્ષપર્યાય અને દ્રવ્ય એવા ભેદ નથી, દ્રવ્ય જે પરિપૂર્ણ છે તે સમ્યગ્દર્શનને માન્ય છે. બંધ-મોક્ષ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. બંધ-મોક્ષની પર્યાય, સાધકદશાના ભંગ-ભેદ એ બધાને સમ્યગ્જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે, તે જ મોક્ષનું પરમાર્થ કારણ છે. પંચમહાવ્રતાદિને કે વિકલ્પને મોક્ષનું કારણ કહેવું તે તો સ્થૂળ વ્યવહાર છે, અને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધક અવસ્થાને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે કેમ કે પૂર્વની સાધક અવસ્થાનો પણ જ્યારે અભાવ થાય છે ત્યારે મોક્ષદશા પ્રગટે છે, એટલે તે પણ અભાવરૂપ કારણ છે માટે વ્યવહાર છે.

ત્રિકાળી અખંડ વસ્તુ છે તે જ મોક્ષનું નિશ્ચયકારણ છે; પરંતુ પરમાર્થે તો વસ્તુમાં કારણ-કાર્યના ભેદ પણ નથી, કાર્ય-કારણના ભેદ પણ વ્યવહાર છે. એક અખંડ વસ્તુમાં કાર્ય-કારણના ભેદના વિચારથી વિકલ્પ આવે છે તેથી તે પણ વ્યવહાર છે; છતાં વ્યવહારપણે પણ

કાર્ય-કારણ એવા ભેદ છે ખરા, જો કાર્ય-કારણ ભેદ સર્વથા ન જ હોય તો મોક્ષદશા પ્રગટાવવાનું પણ કહી શકાય નહિ. એટલે અવસ્થામાં સાધક-સાધ્યના ભેદ છે, પરંતુ અભેદના લક્ષ વખતે વ્યવહારનું લક્ષ હોય નહિ કેમ કે વ્યવહારના લક્ષમાં ભેદ આવે છે અને ભેદના લક્ષે પરમાર્થ-અભેદસ્વરૂપ લક્ષમાં આવતું નથી; સમ્યગ્દર્શનના વિષયમાં ભેદ નથી, એકરૂપ અભેદ વસ્તુ જ સમ્યગ્દર્શનનો વિષય છે.

## (૭) સમ્યગ્દર્શન એ જ શાંતિનો ઉપાય છે.

અનાદિથી આત્માના અખંડ રસને સમ્યગ્દર્શન વડે જાણ્યો નથી એટલે પરમાં–વિકલ્પમાં જીવ રસ માની રહ્યો છે. પણ હે જીવ! હું અખંડ એકરૂપ સ્વભાવ છું, તેમાં જ મારો રસ છે, પરમાં ક્યાંય મારો રસ નથી–એમ સ્વભાવદૃષ્ટિના જોરે એકવાર બધાને નીરસ બનાવી દે. શુભવિકલ્પ ઊઠે તે પણ મારી શાંતિનું સાધન નથી, મારી શાંતિ મારા સ્વરૂપમાં છે, આમ સ્વરૂપના રસના અનુભવમાં સમસ્ત સંસારને નીરસ બનાવી દે,—એમ કરવાથી તને સહજાનંદ સ્વરૂપના અમૃતરસની અપૂર્વ શાંતિનો અનુભવ પ્રગટ થશે. તેનો ઉપાય સમ્યગ્દર્શન જ છે.

## (૮) સંસારનો અભાવ સમ્યગ્દર્શનથી જ થાય છે.

અનંતકાળથી અનંત જીવો સંસારમાં રખડે છે અને અનંતકાળમાં અનંત જીવો સમ્યગ્દર્શન વડે પૂર્ણ સ્વરૂપનું ભાન કરીને મુક્તિ પામ્યા છે. જીવોએ સંસારપક્ષ તો અનાદિથી ગ્રહણ કર્યો છે, પરંતુ સિદ્ધનો પક્ષ કદી ગ્રહણ કર્યો નથી. હવે સિદ્ધનો પક્ષ કરીને એટલે કે પોતાના સિદ્ધસ્વરૂપને જાણીને તેના આશ્રયે સંસારનો અભાવ કરવાના ટાણાં આવ્યાં છે....અને તેનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન જ છે.

## ❀ સમ્યગ્દર્શનરૂપી પવિત્ર ભૂમિ ❀

न दुःखबीजं शुभदर्शनक्षितौ कदाचन् क्षिप्रमपि प्ररोहति।
सदाप्युनुप्तं सुखबीजमुत्तमं कुदर्शने तद्विपरीतमिष्यते।।

સમ્યગ્દર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ દુઃખના બીજ પડી જાય તો પણ તે પવિત્રભૂમિમાં તે બીજ કદી પણ શીઘ્ર અંકુરિત થતા નથી, તેના અંકુર ઉત્પન્ન થયા પહેલાં જ તે પવિત્રભૂમિનો (સમ્યગ્દર્શનનો) પ્રતાપ તેને બાળી નાંખે છે; અને તે પાવનભૂમિમાં સુખનાં બીજ તો વાવ્યા વગર પણ સદાય ઉત્પન્ન થયા કરે છે, પરંતુ મિથ્યાદર્શનરૂપી કુભૂમિમાં બરાબર તેનાથી વિપરીત ફળ થાય છે. અર્થાત્ મિથ્યાદર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ સુખના બીજ વાવવામાં આવે તો પણ તે અંકુરિત થતા નથી પણ બળી જાય છે અને દુઃખનાં બીજ તો વાવ્યા વગર પણ ઉત્પન્ન થાય છે.–માટે સુખને અર્થે સમ્યક્ત્વભૂમિનું સેવન કરવું. *(સાગરધર્માંમૃત પૃ. ૨૫)*



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(ગાથા-૬૦ના પ્રવચનમાંથી)

## કેવળજ્ઞાન સર્વથા અનુમોદવા યોગ્ય છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. નિમિત્તનો, વિકારનો કે અધૂરી પર્યાયનો આશ્રય ન લેતાં આત્મા સ્વનો આશ્રય કરે અને એક આત્માની જ અપેક્ષા લ્યે તો તેને સમ્યગ્જ્ઞાન થાય છે, ને વધીને કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાનની પ્રતીતિ કરવી એટલે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી, તે જ ધર્મ છે ને સુખ છે. મિથ્યાત્વ અવસ્થામાં રાગ ને જ્ઞાનનું એકપણું થતું હતું. તેવા અજ્ઞાનને છોડીને નિરપેક્ષ તત્ત્વનો આશ્રય કરતાં જ્ઞાન ને આત્મા એક થાય છે. ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે ને પછી સર્વથા એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે.

આ કેવળજ્ઞાન સંહિતા છે. સંહિતા એટલે વ્યવસ્થિત પદાર્થોની ગોઠવણી એવો અર્થ થાય છે. ત્રિકાળી સ્વભાવ વ્યવસ્થિત છે, કેવળજ્ઞાન વ્યવસ્થિત છે, જ્ઞેયો પણ વ્યવસ્થિત છે, ગુણો પણ વ્યવસ્થિત છે, પર્યાયો પણ વ્યવસ્થિત છે. આમ વ્યવસ્થિતની શ્રદ્ધા થતાં પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ ટળી જાય છે, ને સ્વભાવબુદ્ધિ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીઓ આ કથનને કટાક્ષમાં 'નિયતિવાદ' કહે છે પણ તે તેમની ભૂલ છે. જે જ્ઞાન ને વીર્ય પરમાં ખંડખંડ થઈ જતું તેને સ્વભાવ તરફ વાળતાં આત્મા જ્ઞાતાદૃષ્ટા થાય છે. તે જ સમ્યક્ નિયતિવાદ એટલે કે પુરુષાર્થવાદ છે ને તે જ ધર્મ ને સુખ છે.

આ જ્ઞાન ને સુખ શેમાંથી આવે છે ? નિમિત્ત અગર પૂર્વ પર્યાયમાંથી આવે છે ? ના. જે પદાર્થમાં જ્ઞાન ને સુખ નથી તેમાંથી તે ન આવે. જે પદાર્થમાં જ્ઞાન અસ્તિરૂપે હોય તેમાંથી અસ્તિરૂપે આવે.

(૧) દેવ, ગુરુ, શાસ્ત્ર, શરીરાદિ તો પ્રત્યક્ષ જુદાં છે તેમાંથી જ્ઞાનની અસ્તિ આવી શકે નહિ.

(૨) વિકાર થાય તે રાગ છે માટે રાગમાંથી જ્ઞાન કે વીતરાગતાની અસ્તિ આવી શકે નહિ.

| શ્રી શીતલનાથ સ્તુતિ | તવ અનઘ વાક્ય કિરણેં, વિશદ જ્ઞાનપતિ,<br>શાંત-જલ-પૂરિતા, શમકરા સુષ્ઠુમતિ; | શ્રી સ્વયંભૂ-સ્તોત્ર |
|---|---|---|

(૩) જ્ઞાનની પૂર્વ પર્યાય તે અધૂરી છે ને વર્તમાન વ્યયરૂપ છે એટલે કે નાસ્તિરૂપ છે. માટે નાસ્તિમાંથી અસ્તિ આવી શકે નહિ.

માટે જે અસ્તિ હોય તેમાંથી અસ્તિ પ્રગટ થાય છે. ચૈતન્ય ધ્રુવ પદાર્થ જે ત્રિકાળ અસ્તિરૂપ છે તેમાંથી કેવળજ્ઞાનની અસ્તિ એટલે પ્રગટ દશા થાય છે. અજ્ઞાની જીવોને આવા ત્રિકાળી સ્વભાવની મહત્તા આવતી નથી ને બહારની ક્રિયાની પુણ્યની ક્રિયાની મહત્તા ખસતી નથી.

જળહળ જ્યોતિ સ્વરૂપ કેવળજ્ઞાન છે, તેમાં ત્રણ કાળના, ત્રણ લોકના પદાર્થો જેમ છે તેમ વ્યવસ્થિત જણાઈ જાય છે. તેમાં કોને કેટલા ભવ વગેરે બધું જણાઈ જાય છે, કોઈ ચીજ કેવળજ્ઞાનની જાણ બહાર નથી. જ્ઞાનમાં જ્ઞેયોને જાણવાનો સ્વભાવ છે. તેમાં ''આમ કેમ થયું'' ને ''આમ કેમ ન થયું'' એવા પ્રશ્ન જ રહેતા નથી.

(૧) જ્ઞાનની અવસ્થા બદલાવી તે દુઃખનું કારણ નથી પણ પરનો આશ્રય કરી ઠીકાઠીક બુદ્ધિ કરવી તે દુઃખનું કારણ છે. અજ્ઞાનદશામાં નિમિત્તની રુચિ કરી કરીને એક જ્ઞેયથી બીજા જ્ઞેય તરફ જતાં જ્ઞાન થાકી જાય છે.

સ્વભાવ તે ખેદનું કારણ નથી. સ્વભાવ ખેદનું કારણ હોય તો આનંદ કદી પ્રગટે નહિ. નિમિત્તાધીન દૃષ્ટિ ખેદનું કારણ છે તેથી ઘાતિકર્મો ખેદનું સ્થાન છે એમ ઉપચારથી કહેવામાં આવ્યું છે.

કેવળજ્ઞાનમાં નિમિત્તાધીન દૃષ્ટિનો સર્વથા અભાવ છે ને પર તરફનું વલણ સર્વથા નાશ થયું છે જેથી ભગવાનને ખેદ નથી. ઘાતિકર્મોનો સ્વયં અભાવ હોય છે જેથી ઘાતિકર્મોના અભાવથી કેવળજ્ઞાનમાં ખેદ નથી એમ કહેવું તે ઉપચારથી કથન છે.

(૨) જેટલા પદાર્થો ભૂત, વર્તમાન, ભવિષ્યના હોય છે તે બધા યુગપદ્, ચીતરેલી ભીંતની જેમ કેવળજ્ઞાનમાં જણાઈ જાય છે. કેવળજ્ઞાનીને અન્ય પરિણામ નથી એટલે વિકાર કે અધૂરીદશાના પરિણામ નથી. જ્ઞાનનું એક જ પરિણામ છે. જ્ઞાન રાગમાં અટકતું નથી જેથી તેમને થાક લાગતો નથી તેથી ખેદ નથી.

(૩) અજ્ઞાનદશામાં અજ્ઞાનના કારણે જ્ઞાનનું જ્ઞેયમાં ઠીકાઠીક કરી રોકાવું થતું હતું તે અજ્ઞાન સર્વથા ટળી ગયું છે, તેમ જ સાધકદશામાં પોતાની નબળાઈના કારણે જ્ઞાન અટકતું હતું તે અલ્પ વિઘ્નનો પણ અભાવ થઈ ગયો છે તેથી કેવળજ્ઞાનમાં

है तथा शम न चन्दन, किरण चन्द्रमा,
नाहिं गंगा जलं, हार मोती शमा. ४६

સ્વભાવ પ્રતિઘાતનો અભાવ છે. અને તેની અનંત શક્તિઓ કોઈ જાતના અંકુશ વગર અમર્યાદિત ખીલી રહી છે. જેમ હોજના ફુવારામાંથી પાણી બહાર સેરરૂપે ફેલાઈ રહ્યું છે તેમ ચૈતન્ય-ફુવારામાંથી અનંત શક્તિરૂપ ઝરણા ઉલ્લસી રહ્યા છે.

કેવળજ્ઞાનને સર્વકાળે એકરૂપ રહેનારું એટલે અચળ, અત્યંત નિષ્કંપ કહ્યું છે. અહીં કેવળજ્ઞાનને કૂટસ્થ કહ્યું છે. એનો અર્થ એમ નથી કે તે સર્વથા અપરિણામ છે. પરંતુ તે એક જ્ઞેયથી અન્ય જ્ઞેય પ્રતિ પલટાતું નથી. સર્વકાળે સમસ્ત જ્ઞેયાકારોને જાણ્યા કરે છે. એકરૂપ રહેનારું છે તેથી તેને કૂટસ્થ કહ્યું છે.

આવી રીતે કેવળજ્ઞાનમાં આકુળતા નથી. અનાકુળતા તે સુખનું લક્ષણ છે માટે કેવળજ્ઞાન તે જ સુખ છે. કેવળજ્ઞાન ને સુખને જુદાઈ નથી, માટે તે જ સર્વથા અનુમોદવા યોગ્ય છે. બહારના પદાર્થો, પૈસા, દેવ-ગુરુ-શાસ્ત્ર, શુભરાગ અથવા અધૂરીદશા અનુમોદન કરવાયોગ્ય નથી.

જેણે પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવની સાચી પ્રતીતિ ને જ્ઞાન કર્યા એટલે કે સ્વભાવને અનુમોદન આપ્યું તેણે કેવળજ્ઞાનને અનુમોદન કર્યું કહેવાય.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે. ગોળનો ગળપણ, લીંબુનો ખટાશ, અફીણનો કડવાશ સ્વભાવ છે એમ આત્માનો જાણવાનો સ્વભાવ છે.

આત્મા શરીર, મન, વાણીનો કર્તા નથી, પરલક્ષે થતી ભ્રાંતિ એ તેનું કાર્ય નથી, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પણ આત્માનું કાર્ય નથી. તેનું કાર્ય માત્ર જાણવાનું છે. સાચું જ્ઞાન થતાં સાધકદશામાં જ્ઞાન સ્વ, પર, રાગ, નિમિત્તો એ બધાને જાણે છે ને પરિપૂર્ણ કેવળદશા પ્રગટ થતાં સ્વ-પરને પૂરેપૂરી જાણે છે.

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છે કે ''કેવળજ્ઞાનમાં પણ પરિણામ થયા કરતા હોવાથી થાક લાગે અને તેથી દુઃખ થાય, માટે કેવળજ્ઞાન એકાંતિક સુખ કઈ રીતે હોઈ શકે.'' એ આશંકાનું શ્રીગુરુ સમાધાન કરે છે.

પલટન થાય તે થાક કે દુઃખનું કારણ નથી, એ જો દુઃખનું કારણ હોય તો જડમાં પણ પલટન થયા કરે છે. લાકડામાંથી રાખ, યુવાન શરીરમાંથી વૃદ્ધ શરીર થાય છે, તો જડને પણ દુઃખ થવું જોઈએ. પરંતુ જડમાં સુખદુઃખ નથી માટે પલટન તે દુઃખનું કારણ નથી. પણ પરવસ્તુ મારી અને એનાથી મને સુખ થાય, તથા પરવસ્તુને હું પલટાવી શકું

અક્ષ–સુખ ચાહકી આગસે તૃપ્ત મન,
જ્ઞાન-અમૃત-સુજલ સીંચ કીના શમન;

એવો અજ્ઞાનભાવ તે દુઃખનું કારણ છે.

અજ્ઞાનીને દુઃખની ખબર પણ નથી. હરખ સન્નેપાતવાળો જીવ રોગથી ઘેરાઈ ગયો છે, બીજા જાણે છે કે આ થોડા વખતનો મહેમાન છે પણ તે તો ખડખડાટ હસે છે. તેથી શું તે સુખી છે તેને દુઃખની ખબર નથી. તેવી રીતે અજ્ઞાની પરપદાર્થમાં ઈષ્ટપણું કલ્પી પોતાને સુખી માનતો હોય તો તેથી તે સુખી નથી. જ્ઞાની તો તેને અજ્ઞાનના દુઃખમાં બળતો ભાળે છે.

કોઈ જ્યોતિષી અજ્ઞાની જીવને કહે છે કે ''એક વર્ષમાં પાંચ લાખ રૂપિયાની પ્રાપ્તિ થશે ને ઘેર દીકરાનો જન્મ થશે'' તો એવું સાંભળી તેના રાગમાં ને માન્યતામાં કેવો ખળભળાટ થાય છે ? પોતાની માનેલી અનુકૂળતા માટે કેવો તલસી રહ્યો છે. જ્યોતિષી જે કાંઈ કહે તે બધું માને છે ને બધું કરે છે. પરવસ્તુ જે જ્ઞેય છે તેનું માહાત્મ્ય આવે છે પણ તે બધાને જાણનાર પોતાના જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય આવતું નથી. કેવળી ભગવાન મોટા જ્યોતિષી કહે છે કે ''પરની રુચિ તે દુઃખ છે ને સ્વની રુચિ તે સુખ છે, આવી માન્યતા કર તો સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી સુખી થઈશ. જેવા જેવા જ્ઞેયો આવશે તેવા તેવા પ્રકારનું જ્ઞાન કરવાની તારામાં તાકાત છે. જ્ઞેયોને પલટાવવાની તારામાં તાકાત નથી.'' પણ અજ્ઞાનીને પોતાના આવા જ્ઞાનસ્વભાવનો ભરોસો આવતો નથી.

કેવળજ્ઞાનમાં અજ્ઞાનના પરિણામનો નાશ થઈ ગયો છે. માટે તેમાં થાક કે દુઃખ નથી. કેવળજ્ઞાન સ્વઆશ્રિત હોવાથી ખેદ હોઈ શકે નહિ. અને ઘાતિકર્મોનો પણ નિમિત્તરૂપે અભાવ છે તેથી તેમાં સુખ છે.

કેવળજ્ઞાન પોતે પરિણામશીલ છે, પલટવાનો નાશ થાય તો પર્યાયનો નાશ ને કેવળજ્ઞાન નાશ પામે. પણ એવું કદી બને નહિ. પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ છે, ને કેવળજ્ઞાન પોતાના આત્માશ્રિત છે જેથી પરિણામ દ્વારા ખેદ નથી.

કેવળજ્ઞાન ત્રણે કાળના પદાર્થોને સર્વદા અડોલપણે જાણે છે. કેવળજ્ઞાન અત્યંત સ્થિર ને આકુળતારહિત છે. કારણ તેમાં પદાર્થો એકીસાથે જણાઈ જાય છે. રાગદશામાં જ્ઞાન અસ્થિર છે પણ કેવળજ્ઞાનમાં રાગનો અભાવ હોવાથી તે સ્થિર છે.

આવી રીતે કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે, માટે તેની શ્રદ્ધા ને જ્ઞાન કરી તેની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો ને તેનો જ આશ્રય કરવો. (ક્રમશઃ) ❋

વૈદ્ય જિમ મંત્ર ગુણસે કરે શાંત તન,
સર્વ વિષકી જલનસે હુઆ બેચતન. ૪૭



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## નિર્વિકલ્પ અનુભવ વખતની સ્થિતિનું વર્ણન

''વળી જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ–અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું; કેમ કે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે. હવે તે જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિ વિકાર હોય તોપણ સ્વરૂપધ્યાનીને તેની કાંઈ ખબર નથી. એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું. આવું વર્ણન સમયસારની ટીકા આત્મખ્યાતિમાં કર્યું છે તથા આત્મ–અવલોકનાદિમાં છે.''

સાધકને નિર્વિકલ્પઅનુભવમાં મતિશ્રુતજ્ઞાન કામ કરે છે. મતિશ્રુતજ્ઞાન તે ક્ષયોપશમભાવે છે, એટલે એક વખતે એક જ્ઞેયને જ જાણવામાં તે પ્રવર્તે છે; કાં સ્વને જાણવામાં ઉપયોગ હોય ને કાં પરને જાણવામાં ઉપયોગ હોય. કેવળજ્ઞાનમાં તો સ્વ–પર બધાને એક સાથે જાણવાનું પૂરું સામર્થ્ય પ્રગટી ગયું છે, પણ આ જ્ઞાનમાં હજી એવું સામર્થ્ય ખીલ્યું નથી; એટલે જ્યારે સ્વને જાણવામાં ઉપયોગ હોય ત્યારે પરને જાણવામાં ઉપયોગ ન હોય, ને જ્યારે પરને જાણવામાં ઉપયોગ હોય ત્યારે સ્વને જાણવામાં ઉપયોગ ન હોય. સ્વને જાણવામાં ઉપયોગ ન હોય તેથી કાંઈ અજ્ઞાન થઈ જતું નથી; કેમકે સ્વસંવેદન વખતે જે જ્ઞાન થયું છે તે લબ્ધરૂપે તો વર્તે જ છે.

ક્ષયોપશમજ્ઞાનની શક્તિ જ એટલી મંદ છે કે એક વખતે એક તરફ જ તેની પ્રવૃત્તિ હોય છે. એટલે કાં સ્વને જાણવામાં પ્રવર્તે, કાં પરને જાણવામાં પ્રવર્તે. પોતામાં તો જ્ઞાન સાથે આનંદ, પ્રતીતિ વગેરે બધા ગુણોનું જે નિર્મળ પરિણમન અભેદ વર્તે છે તેને (એટલે કે આખા આત્માને) તન્મયપણે જાણે છે. સ્વને જાણતી વખતે આનંદધારામાં ઉપયોગ તન્મય થયો છે તેથી વિશિષ્ટ આનંદ એ નિર્વિકલ્પદશામાં વેદાય છે.

જુઓ, આ કાંઈ કેવળજ્ઞાન વખતની વાત નથી, પણ ઘરબારમાં રહેલા ચોથા–પાંચમા ગુણસ્થાનવાળા જીવની આ વાત છે. સાતમા ગુણસ્થાનથી તો નિર્વિકલ્પ

ભોગકી ચાહ અર ચાહ જીવન કરે,<br>લોક દિન શ્રમ કરે રાત્રિકો સો રહે;

સ્વઉપયોગ જ હોય છે, છઠ્ઠા–સાતમા ગુણસ્થાનવર્તી મુનિને અંતર્મુહૂર્તમાં નિયમથી નિર્વિકલ્પ અનુભવ થાય છે. ચોથા–પાંચમા ગુણસ્થાને ક્યારેક ક્યારેક સ્વઉપયોગ થાય છે. ત્યાં પર તરફ ઉપયોગ વખતે સ્વનું જ્ઞાન લબ્ધરૂપે હોય છે, એટલે પહેલાં સ્વસંવેદનથી જે આત્મસ્વરૂપ જાણ્યું છે ને પ્રતીતમાં લીધું છે તેમાં કાંઈ ફેર પડી જતો નથી.

'એક જ્ઞેય' એટલે સ્વજ્ઞેય અથવા પરજ્ઞેય–એ બેમાંથી એક એવો અર્થ લેવો; આમ તો મતિજ્ઞાનના વિષયમાં બહુ–બહુવિધ વગેરે અનેક પ્રકારો લીધા છે. એક સાથે અનેક મનુષ્યો તેમજ પશુ–પંખીના અવાજો સાંભળે અને તેમાંથી દરેકના અવાજને ભિન્ન ભિન્ન સાંભળે–એવી ગણધરદેવની તાકાત હોય છે, છતાં તેમને પણ સ્વમાં અને પરમાં એમ એક સાથે બંનેમાં ઉપયોગ હોતો નથી. પરંતુ, સ્વ–પરની ભિન્નતાનું જે ભાન થયું છે તે તો પરજ્ઞેયમાં ઉપયોગ વખતેય ધર્મીને કાંઈ ખસતું નથી; ઉપયોગ જો બે ઘડી સુધી સ્વજ્ઞેયમાં ટકે તો તો કેવળજ્ઞાન થઈ જાય. એટલો લાંબો કાળ છદ્મસ્થનો ઉપયોગ સ્વજ્ઞેયમાં થંભે નહિ. અહીં કહે છે કે ઉપયોગ ભલે સ્વમાં સદૈવ ન રહે પણ લબ્ધજ્ઞાન તો પ્રતિક્ષણે વર્તી જ રહ્યું છે; એટલે પરજ્ઞેયને જાણતાં પણ તેમાં ક્યાંય ધર્મીને એકતા થતી નથી. ધર્મી બધેથી જુદો ને જુદો જ રહે છે. બહારથી જોનારને બીજા જેવું સરખું લાગે કે અમે ય શુભ–અશુભ કરીએ છીએ ને અમારી જેમ આ ધર્મી પણ શુભાશુભ કરી રહ્યા છે.–પણ ભાઈ ! એની પરિણતિ અંદરમાં રાગથી કોઈ જુદું જ કામ કરી રહી છે. એની પ્રતીતમાં, એના જ્ઞાનમાં સ્વજ્ઞેય કદી ભૂલાતું નથી,–ઉપયોગ ભલે બહારમાં કદાચિત્ વિષય કષાયોમાં કે લડાઈ વગેરેમાં પણ હો. જોકે એને વિશેષપણે તો શુભરાગ–દેવગુરુશાસ્ત્રની સેવાભક્તિ, સ્વરૂપચિંતન વગેરે જ હોય છે; છતાં તે ભૂમિકામાં અશુભનો પણ સર્વથા અભાવ થયો નથી હોતો. પાંચમા ગુણસ્થાને પણ અશુભભાવ કોઈકવાર આવી જાય છે. પણ અહીં તો તે જ વખતે તેના અંતરમાં શ્રદ્ધાની ને જ્ઞાનની નિર્મળગંગાનો જે સમ્યક્ પ્રવાહ વહી રહ્યો છે તે બતાવવો છે. જ્ઞાનગંગાનો એ સમ્યક્ પ્રવાહ બધાય વિકારને ધોઈ નાંખશે ને કેવળજ્ઞાન-સમુદ્રમાં જઈને ભળશે.

એવા ધર્મીને જે વખતે સ્વજ્ઞેયમાં ઉપયોગ હોય તે વખતની આ વાત ચાલે છે. અહા, નિર્વિકલ્પ અનુભવમાં ચૈતન્યગોળો જગતથી એવો જુદો અનુભવાય છે કે બહારમાં શું બની રહ્યું છે તેનું લક્ષ નથી; દેહનું શું થાય છે, અરે, દેહ છે કે નથી, એનુંય

**હે પ્રભુ આપ તો રાત્રિ દિન જાગિયા,**<br>**મોક્ષકે માર્ગકો હર્ષયુત સાધિયા. ૪૮**

લક્ષ નથી. આત્મા અતીન્દ્રિય આનંદમાં જ મગ્ન છે. આવી સ્થિતિ ચોથા ગુણસ્થાને ગૃહસ્થશ્રાવકને પણ હોય છે. આવા આત્મસ્વરૂપને સાધવા જે નીકળ્યો તેને જગતનો કોઈ સંયોગ ડગાવી શકે નહિ,—પ્રતિકૂળ કે અનુકૂળ કોઈ સંયોગ તેને હલાવી શકે નહિ. જ્યાં જગતથી જુદો જ ચૈતન્યગોળો સ્વાનુભવમાં લીધો ત્યાં પરની અસર કેવી? ને પરભાવો પણ કેવા? પરભાવો પરભાવોમાં છે, મારા ચૈતન્યગોળામાં પર ભાવો નથી. અહા, આવું વેદન સમ્યગ્દષ્ટિ ધર્માત્માને હોય છે.

અનાદિથી મતિ–શ્રુતજ્ઞાન એકલા પરજ્ઞેય તરફ ઝૂકેલા છે, જ્ઞાનસ્વભાવના સમ્યક્‌નિર્ણયના જોરથી એ મતિશ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળતાં આવો સ્વાનુભવ થાય છે. એ અનુભવમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. સમયસાર ગાથા-૧૪૪ માં એનું અલૌકિક વર્ણન કર્યું છે; ત્યાં કહે છે કે : પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,...(અહીં સુધી હજી સવિકલ્પદશા છે)...પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે એટલે કે અનુભવને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિયદ્વારા અને મનદ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બુદ્ધિને મર્યાદામાં લાવીને મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું, તથા અનેક પ્રકારના નયપક્ષના વિકલ્પથી આકુળતા ઉપજાવનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કર્યું, આ રીતે મતિશ્રુતજ્ઞાનને પર તરફથી પાછા ખેંચીને આત્મસ્વભાવમાં વાળતાં તુરત જ અત્યંત વિકલ્પરહિત થઈને આત્મા પોતાના શુદ્ધસ્વરૂપને અનુભવે છે, તેમાં આત્મા સમ્યક્‌પણે દેખાય છે ને જણાય છે એટલે જ તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આ અનુભવને 'પક્ષાતિક્રાન્ત' કહ્યો છે, કેમકે તેમાં નયપક્ષના કોઈ વિકલ્પ નથી. આવો અનુભવ કરે ત્યારે જીવને સમ્યગ્દર્શન થયું કહેવાય. આવો અનુભવ કેમ થાય? એ પહેલાં જ કહ્યું કે 'પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને....' એટલે આવા યથાર્થ નિશ્ચયના બળથી વિકલ્પ તૂટીને સાક્ષાત્ અનુભવ થાય છે. અંતરમાં વસ્તુસ્વરૂપનો સાચો નિર્ણય એ મુખ્ય વસ્તુ છે, એની મહત્તા જગતને દેખાતી નથી ને બહારની ક્રિયાની મહત્તા દેખાય છે, પણ એ કાંઈ ઉપાય નથી. અંતરમાં આત્માના સ્વભાવનો બરાબર નિર્ણય કરીને તેનું ઘોલન કરતાં સ્વાનુભવ થાય છે, ને આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. તત્ત્વના અન્વેષણ કાળે એટલે નિર્ણયના ઉદ્યમ વખતે નય–

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)

પુત્ર ધન ઔર પરલોકકી ચાહ કર,
મૂઢજન તપ કરેં આપકો દાહ કર;



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)

પ્રવચન પાંચમું (ભાદરવા સુદ ૧ શનિવાર)

અહીં અજ્ઞાની દલીલ કરે છે કે અમે તો સાચા જિનદેવ અરિહંતદેવની સેવા કરીએ છીએ, અમારા દેવને તો કેવળજ્ઞાન છે ને તેની અમે ભક્તિ કરીએ છીએ, અમે તો સાચા દેવને માનીએ છીએ અને અન્યમતિવાળા મિથ્યાદેવને માને છે, તેની પૂજાદિક કરે છે, તો એટલો તો ફેર છે ને? તેને કહે છે કે જેમ બીજાઓ તેના દેવને સમજ્યા વગર માને છે તેમ તમે પણ તમારા દેવનું સ્વરૂપ તો જાણતા નથી, તમારા દેવ સાચા હોવા છતાં તમને તો તેની ઓળખાણ નથી, તેથી બન્ને સરખા જ છો. જેમ બે બાળક અજ્ઞાની હતા. એ બેમાંથી એક બાળકના હાથમાં બિલોરી પત્થર આવ્યો (કુદેવ તે બિલોરી પત્થર સમાન છે) અને બીજાના હાથમાં હીરો આવ્યો (હીરો સાચા દેવને સ્થાને છે) ત્યારે એ બન્નેએ શ્રદ્ધાપૂર્વક પોતપોતાના વસ્ત્રને છેડે બાંધી લીધા, પણ તે બંને બાળકોને હીરા અને બિલોરી પત્થરનું સાચું જ્ઞાન નથી. જેના હાથમાં હીરો આવ્યો તે તો હીરો જ છે અને પત્થર તે તો પત્થર જ છે, પણ સાચું જ્ઞાન નથી તો બન્નેમાં ફેર નથી. તેમ તમે જિનદેવને માનો છો પણ તમને તેમના સ્વરૂપની તો ખબર નથી, તો તમારામાં અને અન્યમાં ફેર નથી. બીજા અજ્ઞાનીઓને કુદેવ મળ્યા છે અને તમને સાચા દેવ મળ્યા છે, પણ સાચા દેવની તમને પરીક્ષા તો નથી, તેથી તમે અને બીજા સરખા જ છો.

સામા પક્ષવાળા વતી દલીલ :—અમને તદ્દન ઉડાડી ન નાખો, અમને કાંઈક તો રાખો. અમે કેટલાય વર્ષ થયાં મહેનત કરીએ છીએ, માટે કાંઈક તો અમારું રાખો! તેને કહે છે કે ભાઈ રે! તેં શું કર્યું? વાડા તરીકે સાચા દેવને માન્યા પણ સાચા દેવના સ્વરૂપની ઓળખાણ તો કરી નથી, અને બીજા પણ સાચા દેવને ઓળખતા નથી. માટે જ્યાં સુધી સાચા દેવનું યથાર્થ સ્વરૂપ ન જાણો ત્યાં સુધી તમારામાં અને અન્યમાં ફેર નથી.

અજ્ઞાનીની દલીલ :—બીજા ધર્મવાળા તો ખોટા દેવને માને છે તેથી તેને ગૃહીત મિથ્યાત્વ છે, અને અમે તો સાચા દેવને માનીએ છીએ. તેના દર્શન, પૂજા, ભક્તિ વગેરે

આપને તો જરા જન્મકે નાશ હિત,
સર્વ કિરિયા તજી શાંતિમય ભાવહિત. ૪૯

કર્યા પહેલાં અમે ખાતાં-પીતાં નથી, તેથી અમને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું છે એમ તો કહો? ખોટા દેવની પક્કડ છૂટી છે ને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું છે તો તેટલો અમને લાભ થયોને?

તેનો ઉત્તર :—તમને હજી ગૃહીત મિથ્યાત્વના સ્વરૂપની જ ખબર નથી. સર્વજ્ઞ વીતરાગદેવ, નિર્ગ્રંથ ગુરુ, વીતરાગના કહેલા શાસ્ત્રો અને ધર્મનું સ્વરૂપ બાહ્ય લક્ષણો વડે નક્કી કરે અને તેનું જ સાચાપણું ભાસે ત્યારે તો ગૃહીત મિથ્યાત્વ છૂટે; અને બાહ્ય લક્ષણ વડે દેવ-ગુરુ-ધર્મને ઓળખ્યા વગર કોઈ સાચા દેવને માને અને બીજાને ન માને તો પણ તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું નથી. આ તો હજી ગૃહીત મિથ્યાત્વ છોડવાની વાત છે, અગૃહીત મિથ્યાત્વ છોડવાની વાત તો ગૃહીત મિથ્યાત્વ છોડ્યા પછી! આત્મા પરિપૂર્ણ નિર્મળ જ્ઞાનસ્વરૂપ છે, એક રાગનો અંશ પણ મારા સ્વરૂપને મદદગાર નથી, પુણ્ય કરતાં કરતાં ધર્મ થતો નથી, હું શરીરાદિનું કાંઈ પણ કરી શકતો નથી એમ સ્વતંત્ર આત્મતત્ત્વની પ્રતીતિ થાય તે તો અનંત સંસારને બાળી મૂકનારી છે એટલે કે મુક્તિનું કારણ છે. પણ તે પ્રતીતિ ક્યારે થાય? કે પહેલાં તો જન્મ લીધા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી ગ્રહણ કરેલી ખોટી માન્યતા છોડે, ત્યાર પછી અનાદિથી ચાલી આવેલી ઊંધી માન્યતા છોડે તો પ્રતીતિ થાય. પ્રથમ ગૃહીત મિથ્યાત્વ છૂટ્યા વગર કોઈને અગૃહીત મિથ્યાત્વ છૂટે નહીં.

અરેરે! આવો મનુષ્ય દેહ મળ્યો, તેમાં સર્વજ્ઞનો સંપ્રદાય મળ્યો—આવો સર્વજ્ઞનો માર્ગ મળ્યો અને હજી સાચા દેવના સ્વરૂપને પણ ન ઓળખે! ક્યાં તારા ઉદ્ધારના ટાણાં! ફરી ફરીને આ ટાણાં મળવા દુર્લભ છે. (ક્રમશઃ) ❊

---


(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

પ્રમાણ વગેરેના વિચાર હોય છે, પણ તેના આરાધન વખતે તો સાક્ષાત્ અનુભવ છે, ત્યાં નય–પ્રમાણના વિકલ્પો નથી, તેથી તે અનુભવને નયાતીત કહ્યો છે; ત્યાં તો નિર્વિકલ્પતાના આનંદનું વેદન જ વર્તે છે; ભગવાન આત્મા અનુભવમાં પ્રસિદ્ધ વર્તે છે, એટલે તેના અન્વેષણના વિકલ્પો ત્યાં રહેતા નથી. જુઓ, આ જ્ઞાનીનો અનુભવ! આવો અનુભવ તે ધર્મ છે. હવે કહે છે કે આવા નિર્વિકલ્પ અનુભવ વખતે આત્માનો ઉપયોગ ઈન્દ્રિયો કે મન તરફ નથી પણ પોતામાં જ ઉપયોગ છે તેથી તેને અતીન્દ્રિય કહીએ છીએ. (ક્રમશઃ) ❊

આપ હી શ્રેષ્ઠ જ્ઞાની મહા હો સુખી,<br>
આપસે જો પરે બુદ્ધિ લવ મદ દુઃખી;




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૧)

## આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન

## હે જીવ! તું મોક્ષમાર્ગમાં લાગ

દૃષ્ટિ જ જેની બંધ છે, જ્ઞાનચક્ષુ જ જેના ઉઘડ્યા નથી તેને નય કેવા? જે એકલા વ્યવહારને દેખે છે તેને તો રાગમાં એકત્વબુદ્ધિ થઈ છે, રાગ જ તેને સર્વસ્વ થઈ ગયું છે; જો રાગને જ તે સર્વસ્વ ન માનતો હોય તો, રાગથી જુદું બીજું સ્વરૂપ શું છે તેનું તેને લક્ષ હોવું જોઈએ, એટલે કે નિશ્ચયનું લક્ષ હોવું જોઈએ. અને નિશ્ચયનું લક્ષ હોય તો વ્યવહારના આશ્રયે કલ્યાણ માને નહીં. નિશ્ચયના લક્ષ વગર મોક્ષમાર્ગ કેવો? એકાંત વ્યવહારનો આશ્રય તે તો સંસાર છે—મિથ્યાત્વ છે. બહિર્મુખદૃષ્ટિમાં અજ્ઞાનીના જે શુભવિકલ્પો તે વ્યવહાર નથી, તે તો વ્યવહારાભાસ છે. અહીં તો મોક્ષમાર્ગને સાધનારા સાધકને નિશ્ચય સાથે જે વ્યવહાર છે તેની વાત છે. કેવળજ્ઞાન પહેલાં સાધકદશામાં જે વ્યવહાર છે તેને ન સમજે તે નિશ્ચયાભાસી છે. મુનિને આત્માના રત્નત્રયની શુદ્ધતા કેવી હોય અને તેની સાથે તે ભૂમિકામાં પંચમહાવ્રતાદિ કેવાં હોય તે બંને પ્રકારને ઓળખવા જોઈએ; તેમાં વિપરીતતા માને તો મુનિની સાચી ઓળખાણ થાય નહિ. એ જ રીતે સમ્યગ્દર્શનની ભૂમિકામાં પણ નિશ્ચય ને વ્યવહાર બંને કેવા હોય તે બરાબર ઓળખવું જોઈએ. જે ભૂમિકામાં નિશ્ચય–વ્યવહારના જેવા જેવા પ્રકારો હોય તેવા બરાબર સમજવા જોઈએ. ભાઈ, આ તો બધા તારા આત્માનાં જ પડખાં છે, તેને તું સમજ. સમજણ જ આત્મા છે. સમજણ એટલે જ્ઞાન; કેવળજ્ઞાન પણ સમજણનો પિંડલો છે; તેમાં ક્યાંય રાગ નથી. જ્ઞાનની જાત અપેક્ષાએ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને એક જાતનાં છે. જેમ રૂનું ધોકળું હોય તેમાં બધે રૂ જ ભર્યું હોય, તેમ આત્મા જ્ઞાનનું મોટું ધોકળું છે, જ્ઞાન જ તેમાં ભર્યું છે. અરે, જ્ઞાનનો જ પિંડલો પોતે, અને તે એમ કહે કે મારું સ્વરૂપ મને ન સમજાય—એ તે કેવી વાત? મીઠા પાણીના દરિયામાં રહેલું માછલું કહે કે હું તરસ્યું છું—એના જેવી એ વાત છે. ભાઈ! રાગની પક્કડ છોડીને તારી દૃષ્ટિમાં શુદ્ધ આત્માને પકડ, તો તને આત્મશુદ્ધિરૂપ સમ્યગ્દર્શન થાય, તેની સાથે જ

યાહિતે મોક્ષકી ભાવના જે કરેં,<br>
સંતજન નાથ શીતલ તુમ્હેં ઉર ધરે. ૫૦

સમ્યગ્જ્ઞાન થાય; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં સ્વરૂપમાં નિશ્ચલ રહેવારૂપ ચારિત્ર થાય; આ રીતે મોક્ષમાર્ગ થાય; તે જ સુખ છે, તે જ જીવનું હિત છે, તે જ ધર્મ છે.

આત્મા પોતે જ સુખસ્વરૂપ છે તેથી આત્મામાં ઉપયોગને જોડતાં સુખનો અનુભવ થાય છે. આત્માનું સુખ ક્યાંય બહારમાં નથી એટલે બહારના આશ્રયે સુખ થતું નથી. જ્યાં સુખ હોય તેમાં ઉપયોગ જોડતાં સુખ થાય છે; એટલે કે નિશ્ચયના આશ્રયે સુખ થાય છે, ને પરના વ્યવહારના—રાગના આશ્રયે સુખ થતું નથી. માટે નિશ્ચયનો આશ્રય કરો ને વ્યવહારનો આશ્રય છોડો.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષની વય પહેલાં આ વાત નીચેના શબ્દોમાં સરસ રીતે લખી છે—

સ્વદ્રવ્ય અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ, સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો, પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો, પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

—આમાં પહેલાં સાત બોલમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવાનું બતાવ્યું છે, ને પછીના ત્રણ બોલમાં પરદ્રવ્યનો આશ્રય છોડવાનું કહ્યું છે.—એ રીતે દશ બોલ દ્વારા તો જૈન સિદ્ધાંતનું રહસ્ય સમજાવી દીધું છે. ટૂંકા શબ્દોમાં ને સાદી ભાષામાં બહુ સરસ વાત કરી છે.

ચૈતન્યવસ્તુ રાગાદિ આસ્રવ વગરની છે ને અજીવ કર્મથી જુદી છે,—આવી પોતાની ચૈતન્યવસ્તુને અનુભવમાં લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે નિશ્ચય સાથેના રાગમાં આરોપ કરીને તેને વ્યવહાર કહી શકાય. પણ રાગથી ભિન્ન સ્વતત્ત્વને જે ન જાણે ને રાગમાં એકતા માને તેને વ્યવહાર ક્યાં રહ્યો? તેને તો રાગ તે જ નિશ્ચય થઈ ગયો એટલે મિથ્યાત્વ થઈ ગયું. તેથી પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહે છે કે—અજ્ઞાનીને સમજાવવા માટે મુનીશ્વરો અભૂતાર્થ એવા વ્યવહારનો પણ ઉપદેશ કરે છે;—પરંતુ ત્યાં જે જીવ એકલા વ્યવહારને જ પરમાર્થરૂપ જાણી લ્યે છે તે જીવ સાચા ઉપદેશને સમજતો

| | |
|---|---|
| શ્રી શ્રેયાંસનાથ સ્તુતિ | જિનવર હિતકારી વાક્ય નિર્બાધધારી,<br>જગત જિન સુહિતકર મોક્ષમારગ પ્રચારી; |

નથી એટલે કે તેને દેશના ફળીભૂત થતી નથી. ભાઈ, તેને પરમાર્થસ્વરૂપ બતાવવા માટે વ્યવહાર કહ્યો હતો, કાંઈ વ્યવહારમાં જ અટકવા માટે નહીં.

સર્વજ્ઞદેવે કહેલા સ્વતત્ત્વને ઓળખવું, શ્રદ્ધામાં ને અનુભવમાં લેવું તે નિશ્ચયમાર્ગ છે. તેની સાથે નવ તત્ત્વનું જ્ઞાન, સાચા દેવ–ગુરુની ઓળખાણ વગેરે હોય છે તે વ્યવહારમાર્ગ છે. પોતાના સર્વજ્ઞસ્વભાવની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન, અને બીજા સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. ધર્મીને આવા નિશ્ચય–વ્યવહારની સંધિ હોય છે. નિજસ્વરૂપમાં વીતરાગી લીનતા તે નિશ્ચયચારિત્ર છે, તે સ્વદ્રવ્યાશ્રિત છે, અને પંચમહાવ્રતાદિ શુભરાગ તે વ્યવહારચારિત્ર છે; તે પરદ્રવ્યાશ્રિત છે. સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધતા તે મોક્ષનું કારણ છે, પરદ્રવ્યાશ્રિત રાગાદિભાવો તે બંધનું કારણ છે.

જેવા અરિહંત ભગવાન છે તેવો હું છું–એમ નક્કી કરનારને અરિહંત ભગવાન તરફનો જે વિકલ્પ હતો તેનાથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવની અનુભૂતિ કરી ત્યારે ખરેખર સમ્યગ્દર્શન થયું; અને તેમાં નિમિત્તરૂપ અરિહંતની શ્રદ્ધાના ભાવને પણ સમ્યગ્દર્શન કહ્યું–તે વ્યવહાર છે, એટલે ખરેખર તે સમ્યગ્દર્શન નથી પણ સાચા સમ્યગ્દર્શનનો તેમાં આરોપ કરીને તેને પણ સમ્યગ્દર્શન કહ્યું છે. જે સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ નથી કરતો તેને તો નિશ્ચય કે વ્યવહાર કાંઈ હોતું નથી. સમ્યક્ત્વ સન્મુખ થયેલો જીવ અરિહંતદેવ તરફના લક્ષ વખતેય તે વિકલ્પમાં અટકવા માંગતો ન હતો પણ અંતરમાં નિજસ્વરૂપનો નિર્ણય કરીને અંતર્મુખ થવા માંગતો હતો,–આવા લક્ષને કારણે અરિહંતની શ્રદ્ધાને પણ સમ્યગ્દર્શન કહી દીધું. પણ અંતર્સ્વભાવ તરફ જે ઢળે નહીં તેને વ્યવહાર લાગુ પડતો નથી.

આ છહઢાળા તો જૈનધર્મનું તત્ત્વજ્ઞાન કરાવવા માટેનું પાઠ્યપુસ્તક છે, મોટાને તેમજ બધા બાળકોને પણ તે ભણાવવા જેવું છે; સહેલું ને બધાને સમજાય તેવું છે, અને પ્રયોજનભૂત એવા વીતરાગવિજ્ઞાનનું સ્વરૂપ આમાં સમજાવ્યું છે. અહો, વીતરાગવિજ્ઞાનનું આવું ભણતર તો ઘરેઘરે ભણાવવું જોઈએ; બાકી લૌકિક ભણતરમાં તો કાંઈ હિત નથી. આ તો સર્વજ્ઞભગવાને ભણાવેલું વીતરાગી ભણતર છે, તે અપૂર્વ હિતકારી છે. (ક્રમશઃ) ❋

જિમ મેઘ રહિત હો સૂર્ય એકી પ્રકાશે,
તિમ તુમ યા જગમેં એક અદ્ભુત પ્રકાશે. ૫૧

# 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' એટલે શું?

સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણો નિર્મળરૂપે પરિણમવા લાગે છે; સમ્યગ્દર્શનની વ્યાખ્યા 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' એમ પણ કહેવાય છે. એ વ્યાખ્યામાં ગુણભેદને ગૌણ કરીને, બધા ગુણોની અભેદ–વિવક્ષાની મુખ્યતાથી કથન કર્યું છે. બધા ગુણોની નિર્મળતાનો અંશ તે સમ્યક્ત્વ કહ્યું, બધા ગુણો તો મલિન થયા નથી, આત્માના અનંત ગુણો છે તે બધાય વિકારરૂપે પરિણમતા નથી; પણ થોડાક જ વિકારરૂપે પરિણમે છે અને કેટલાક ગુણોનો તો એવો સ્વભાવ છે કે તેઓ કદી પણ વિકારરૂપે પરિણમતા નથી, પણ શુદ્ધ જ રહે છે. અસ્તિત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ વગેરે ગુણો શુદ્ધરૂપે જ પરિણમે છે. આ રીતે, કેટલાક ગુણો તો શુદ્ધ જ હોવા છતાં 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' એમ કહ્યું, તેનું કારણ એ છે કે જે ગુણો શુદ્ધરૂપે જ પરિણમે છે તે ગુણોના સ્વભાવને પણ અજ્ઞાની જીવ ઓળખતો નથી, કેમ કે જો તે ગુણોના સ્વભાવને ઓળખે તો ગુણી આત્માના સ્વભાવને પણ ઓળખે. જીવ જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે તેને આખા સ્વભાવની પ્રતીતિ થાય છે અને તેથી તે અભેદપણે આત્માના સર્વ ગુણોને જાણે છે, તેથી તેને બધા ગુણો નિર્મળ પરિણમે છે એમ કહ્યું છે. ભલે, કેટલાક ગુણો તો પહેલાં અજ્ઞાનદશા વખતે પણ શુદ્ધ પરિણમતા હતા પરંતુ અજ્ઞાનદશામાં રહેલા જીવને તેની ખબર ન હતી અને જ્ઞાનદશા થતાં તેની ખબર પડી (-પ્રતીત થઈ) તેથી તે જીવના જ્ઞાનની અપેક્ષાએ તો બધા ગુણોની નિર્મળતા નવી પ્રગટી એમ કહેવામાં આવે છે અથવા તો આખો આત્મા જ નવો પ્રગટ્યો એમ પણ કહેવાય છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બંનેની ભિન્નતા કેવી રીતે છે?

ઉત્તર :—જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઉપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઉપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બંને એક હોય તેમ લાગે છે પણ તે બંનેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બંનેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઉપજવું થાય છે તે ચૈત્ય-ચેતક-જ્ઞેય-જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે. ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે—પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કામ-ક્રોધાદિ-કષાય ભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમકે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે, ચૈતન્ય સ્વયં પ્રકાશક હોવાથી પરસંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે. પરને પ્રકાશતો નથી.

પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે તે વ્યવહારથી વાત કરી પણ ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પર પ્રકાશકતા જ્ઞાન પ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધ સ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞા છીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે. (ક્રમશઃ) ❊

है विधिषेध वस्तु और प्रतिषेध रूपं,
जो जाने युगपत् है प्रमाण स्वरूपं;

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) પદાર્થના યથાર્થ સ્વરૂપની સિદ્ધિ .... ...... થી થઈ શકે છે.
(મોક્ષમાર્ગ, અનેકાંત, નય)

(૨) મુનિરાજ ........ ના માટે આહાર લે છે. (આયુવૃદ્ધિ, ક્ષુધાની ઉપશાંતિ, શરીરવૃદ્ધિ)

(૩) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ............. થી થાય છે. (પ્રમાણજ્ઞાન, નય, દ્રવ્યદૃષ્ટિ)

(૪) દર્શન મોહનીય કર્મનો બંધ ....... ગુણસ્થાને થાય છે. (પ્રથમ, બીજા, એકથી ત્રણ)

(૫) જીવ જ્યાંથી આવે છે પરંતુ ત્યાં જઈ શકતો નથી તે ............. છે.
(ઈતરનિગોદ, સિદ્ધશિલા, નિત્યનિગોદ)

(૬) જીવના ક્રોધરૂપ પરિણામમાં કાળદ્રવ્ય એ ............. નિમિત્ત છે.
(ઉદાસીન, પ્રેરક, બાહ્ય)

(૭) વર્તમાન અશુદ્ધ પર્યાયનો સ્વીકાર કર્યા વિના માત્ર પોતાને એકાંતે પરમાત્મા માનવો એ ................ નું સ્વરૂપ છે. (વ્યવહારાભાસી, નિશ્ચયાભાસી, ઊભયાભાસી)

(૮) જિનકલ્પી, સ્થવિરકલ્પી, અપવાદમાર્ગી અને ઉત્સર્ગમાર્ગી એ ............ ના પ્રકાર છે. (અવિરત સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, મુનિ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીનો જીવનમંત્ર .............. હતો. (બ્રહ્મચર્ય, વ્રત-તપ, પુરુષાર્થ)

(૧૦) ૨૨ પરિષહજયમાં જ્ઞાનની અધિકતા હોવા છતાં પણ માન ન કરવું તે ............ છે. (પ્રજ્ઞા, અલાભ, અજ્ઞાન)

(૧૧) સૌધર્મ એ ............... દેવનો પ્રકાર છે. (કલ્પવાસી, અનુદિશ, અનુત્તર)

(૧૨) છ પ્રકારનાં આહારમાં મનોઆહાર ........... હોય છે. (તીર્થંકર, દેવ, નારકી)

(૧૩) તીર્થંકર નામકર્મ પ્રકૃતિ બંધ માટે સોલહકારણ ભાવનામાં મુખ્યત્વે ................ ભાવના છે. (નિરંતર જ્ઞાન ઉપયોગ, ત્યાગ તથા તપ, દર્શનવિશુદ્ધિ)

(૧૪) નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ એ ............. સ્વરૂપે છે. (દ્રવ્ય, પર્યાય, ગુણ)

(૧૫) ઈન્દ્રિયજન્ય સુખ વિપક્ષની ઉત્પત્તિવાળું હોવાથી ............. છે.
(સપ્રતિપક્ષ, અક્ષુબ્ધ, અવિચ્છિન્ન)

(૧૬) આત્માના મોહ-ક્ષોભ રહિત પરિણામ તે ખરેખર ............. છે.
(સંયમ, ચારિત્ર, જ્ઞાનનો ક્ષયોપશમ)

(૧૭) ઋષિનાં ચાર ભેદમાં વિક્રિયા અક્ષીણ ઋદ્ધિના ધારકને ........... કહે છે.
(રાજઋષિ, દેવઋષિ, પરમઋષિ)

(૧૮) કુંદકુંદ આચાર્યદેવ રચિત પાંચ પરમાગમમાં પરમાર્થ પ્રતિક્રમણનું વિસ્તારથી કથન ................ શાસ્ત્રમાં આપેલ છે. (પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ)

(૧૯) ''અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવ પરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે'' આ વાત પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ ..............માં કરેલ છે. છે. (૧૦૨, ૯૪, ૮૬)

(૨૦) મોક્ષ પ્રાપ્તિ માટે .............. ગુણસ્થાન અનિવાર્ય છે. (છઠ્ઠું, ચોથું, બીજું)

---

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો.)

(૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીની માતાનું નામ .................... હતું.

(૨) રાત્રિભોજનમાં અસંખ્ય ............ જીવોની હિંસા થાય છે.

(૩) પૂજ્ય બહેનશ્રીને........... વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન............. ગામે થયું હતું.

(૪) સોનગઢથી ૨૫ કિલોમીટર દૂર ................... સિદ્ધક્ષેત્ર છે.

(૫) પરમ પૂજય શ્રી કાનજીસ્વામી ................... ખંડમાં તીર્થંકર થવાના છે.

(૬) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ................. વર્ષનું જાતિસ્મરણ હતું.

(૭) સમવસરણમાં દર્શન કરતા ખડ્ગાસન પ્રતિમા ................... દેવની છે.

(૮) સર્પ ચિહ્ન ..................... ભગવાનનું છે.

(૯) વાનર ચિહ્ન ................ ભગવાનનું છે.

(૧૦) રાવણના હાથીનું નામ ....................... હતું.

(૧૧) મહાવીર ભગવાનના સમવસરણમાં ................. ગણધર આવ્યા બાદ જ વાણી ખરી હતી.

(૧૨) દેશભૂષણ-કુલભૂષણ આદિ મુનિ ................ થી મોક્ષ ગયા છે.

(૧૩) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના માતાનું નામ ................... હતું.

(૧૪) પૂજ્ય ગુરુદેવશ્રીનાં ............................ આચાર્ય ઉપકારી ગુરુ હતા.

(૧૫) ભક્તામર સ્તોત્ર ...................... આચાર્યે લખેલ છે.

(૧૬) અક્ષય તૃતીયાના દિવસે ................. મુનિને સર્વપ્રથમ આહાર થયો હતો.

(૧૭) પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીએ પરિવર્તન ................ ગામે કર્યું હતું.

(૧૮) ચંદ્રનાથ ભગવાનું ચિહ્ન .......... છે.

(૧૯) દ્રવ્યલિંગી જીવ ......................... ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

(૨૦) ભગવાન ........................... દોષથી રહિત હોય છે.

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) અનેકાંત | (૬) ઉદાસીન | (૧૧) કલ્પવાસી | (૧૬) ચારિત્ર |
| (૨) ક્ષુધાની ઉપશાંતિ | (૭) નિશ્ચયાભાસી | (૧૨) દેવ | (૧૭) રાજઋષિ |
| (૩) દ્રવ્યદૃષ્ટિ | (૮) મુનિ | (૧૩) દર્શન વિશુદ્ધિ | (૧૮) નિયમસાર |
| (૪) પ્રથમ | (૯) પુરુષાર્થ | (૧૪) પર્યાય | (૧૯) ૮૬ |
| (૫) નિત્ય નિગોદ | (૧૦) પ્રજ્ઞા | (૧૫) સપ્રતિપક્ષ | (૨૦) છઠ્ઠું |


આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

### ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા

તા. ૧-૩-૨૦૨૫

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

● **માનસ્તંભનો ૭૩મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :** ચૈત્ર સુદ ૧૦ તા. ૭-૪-૨૦૨૫, સોમવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૭૩મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

● **જાતિસ્મરણજ્ઞાન વાર્ષિક દિન :** ચૈત્ર વદ-૮, તા. ૨૧-૪-૨૦૨૫, સોમવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

### શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા
### પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૧ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૯૧મા વર્ષનો મંગલ ઉત્સવ સ્ટાર ઑફ ઈન્ડિયાવાળા સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ ગુરુવાર તા. ૧૦–૪–૨૦૨૫ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## બાળકો માટેના પ્રશ્નના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| ૧—ઉજમબા, | ૬—અસંખ્ય અબજો, | ૧૧—ગૌતમ, | ૧૬—ઋષભનાથ, |
| ૨—ત્રસ, | ૭—કુંદકુંદાચાર્ય, | ૧૨—કુંથલગિરિ, | ૧૭—સોનગઢ, |
| ૩—૧૮, વાંકાનેર, | ૮—પાર્શ્વનાથ, | ૧૩—તેજબા, | ૧૮—અર્ધ ચંદ્ર |
| ૪—શત્રુંજય, | ૯—અભિનંદન, | ૧૪—કુંદકુંદાચાર્ય, | ૧૯—નવમી |
| ૫—ધાતકી, | ૧૦—ત્રૈલોક્યમંડન, | ૧૫—માનતુંગાચાર્ય, | ૨૦—અઢાર |

**બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ)**
**ગુરુભક્તિ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મતત્ત્વ વિભાકર, શુદ્ધાત્મદૃષ્ટા જિનશાસન દિવાકર વિદેહીધર્મદૂત, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભૂતિ સંપન્ન પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૬મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૩૬મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં બૃહદ્ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ) દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૩૬મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૫-૪-૨૦૨૫, શુક્રવારથી તા. ૨૯-૪-૨૦૨૫, મંગળવાર—પાંચ દિવસીય મહોત્સવરૂપે 'શ્રી વર્તમાન ચતુર્વિંશતિ જિનપૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨૩-૦૩-૨૦૨૫, રવિવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
બૃહદ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ)ના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પોતે ત્રિકાળી શક્તિમાન છે. ગુણ-ત્રિકાળી શક્તિ અને પર્યાય-વર્તમાન દશા-આમ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર વડે નિજપદને જાણે, નિમિત્ત વડે કે રાગ વડે જાણે એમ કહ્યું નથી. એમ નિજપદ જાણવાની વિધિ બતાવેલ છે. અથવા ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે અંતરમાં જાણવા-દેખવાનો વ્યાપાર થાય તે દ્વારા વસ્તુને જાણે, વસ્તુ જાણનાર છે. નિજ સ્વરૂપને જાણવાની આ કળા છે. આનું નામ ધર્મ છે. ચાલતી પર્યાયમાં જાણરૂપ વસ્તુને જાણે, જાણનાર સ્વભાવ નિત્યાનંદ પદાર્થ છે તે પર્યાયનો આધાર અથવા નાથ આત્મા છે. ૬૭૯.

● અનુભવપ્રકાશ એટલે શું? આત્માનું નિજાનંદ સ્વરૂપ છે, તેની પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તે વેશ છે. તેની રુચિ છોડીને સ્વભાવનો અનુભવ કરવો તે અનુભવપ્રકાશ છે. ૬૮૦.

● નિર્વિકલ્પ કહો કે, આત્માનો અનુભવ કહો, બન્ને એક જ છે. જીવની શક્તિ તો ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની છે. તેમાં જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો તે અંશ સર્વજ્ઞ શક્તિ પ્રગટ કરશે. સર્વજ્ઞ શક્તિ ત્રિકાળ છે. તેનું વેદન થયું. સર્વજ્ઞ શક્તિના આધારે સ્વસંવેદન થયું છે. પુણ્ય-પાપના આધારે જ્ઞાન થતું નથી. ૬૮૧.

● દરેક પદાર્થ સર્વત્ર, સર્વ કાળે પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. પરનાં ચતુષ્ટયમાં તે નથી. આ એક મહાનિયમનો નિર્ણય કરે તો ત્રણ કાળ ત્રણ લોકવર્તી સર્વ પદાર્થની પ્રતીતિ થઈ જાય અને સ્વતંત્ર જ્ઞાનાનંદ સ્વભાવ સન્મુખ થવાની રુચિ અને સ્થિરતા થાય. એ જ સુખી થવાનો ઉપાય છે. ૬૮૨.

● પદાર્થ દ્રવ્યપણે નિત્ય છે ને પર્યાયપણે અનિત્ય છે. આવું નિત્ય-અનિત્યપણું તે પદાર્થનું સ્વરૂપ છે એમ જ્ઞાન જાણે છે. સંયોગના કારણે અનિત્યતા છે એમ નથી, પણ પોતાના કારણે જ અનિત્યતા છે એટલે પર્યાયનો પલટો થવાનો તેનો સ્વભાવ છે તે પરને લીધે નથી. આવું જ્ઞેયનું સ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. ૬૮૩.

● આત્માની શાંતિરૂપ પ્રકાશને અનુભવ કહે છે. આત્મામાં શાંતિ ને આનંદ શક્તિરૂપે અનાદિ અનંત પડ્યા છે. તેવા આત્માનો પુણ્ય-પાપ રહિત અનુભવ થાય તેને ધર્મ કહે છે. અકષાય પરિણામના પ્રકાશને અનુભવપ્રકાશ કહે છે. ૬૮૪.

આત્મધર્મ
માર્ચ-૨૦૨૫
અંક-૭ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-3-2025
Posted on 1-3-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org